


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 303
Dt.: 14-07-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


# બેંગકોકની પબમાં વિકરાળ આગ બાદ ધડાકો, ૨૭ લોકોના દર્દનાક મોત

## આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે અંદર હાજર લોકોને બહાર નીકળવાની તક ન મળી: ફાયર ફાઈટરોને પબના પાછળના ભાગમાં આવેલા રેસ્ટરૂમ માંથી અનેક લોકોના મૃતદેહ મળ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગકોક

થાઈલેન્ડની રાજધાની બેંગકોકના ઉત્તરી ભાગમાં આવેલા એક પ્રખ્યાત પબમાં સોમવારે વહેલી સવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ભયાનક અગ્નિકાંડમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે દાઝી જતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે અંદર હાજર લોકોને બહાર નીકળવાની તક જ મળી ન હતી.ઘટના સમયે પબમાં હાજર એક મ્યુઝિશિયનના જણાવ્યા અનુસાર, સ્ટેજની નજીક લાગેલા સર્કિટ બ્રેકરમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો. તેની ગણતરીની સેકન્ડોમાં જ આખા પબની લાઈટો ગુલ થઈ ગઈ અને એક જોરદાર ધડાકો સંભળાયો હતો. ધડાકા સાથે જ પબની અંદર કાળોટોપ ધુમાડો ભરાઈ ગયો હતો અને જોતજોતામાં આખું બિલ્ડિંગ આગની લપેટમાં આવી ગયું હતું.આ અકસ્માતમાં સૌથી વધુ હૃદયદ્રાવક દ્રશ્યો પબના પાછળના ભાગમાં જોવા મળ્યા હતા.

ફાયર ફાઈટરોને પબના પાછળના ભાગમાં આવેલા રેસ્ટરૂમ (વોશરૂમ) માંથી અનેક લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. આગ અને ધુમાડાથી બચવા માટે લોકો પાછળ તરફ ભાગ્યા હતા, પરંતુ ત્યાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હોવાથી શ્વાસ રૂંધાવાને કારણે અને દાઝી જવાથી તેમના ત્યાં જ મોત નીપજ્યા હતા.આ દુર્ઘટનાએ થોડા સમય પહેલા ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં એક કોચિંગ સેન્ટરમાં લાગેલી આગની યાદ તાજી કરાવી દીધી છે. લખનઉમાં પણ વિદ્યાર્થીઓ આગથી બચવા માટે સેન્ટરના પાછળના ભાગમાં ભાગ્યા હતા અને નિકાસ દ્વાર ન હોવાને કારણે ૧૫ લોકોના મોત થયા હતા. બેંગકોકના આ 'ના લાદપ્રાઓ' પબમાં પણ ફાયર સેફ્ટીના અભાવે આવી જ મોટી બેદરકારી સામે આવી છે.થાઈલેન્ડના વડાપ્રધાન અનુતિન ચર્નવિરાકુલે ઘટનાસ્થળની મુલાકાત લઈને ૨૭ લોકોના મોતની પુષ્ટિ કરી છે અને આ મામલે કડક તપાસના આદેશ આપ્યા છે. થાઈલેન્ડના નાઈટક્લબોમાં સુરક્ષાના નિયમોની અનદેખીનો ઈતિહાસ જૂનો છે. અગાઉ ૨૦૨૨માં એક મ્યુઝિક પબની આગમાં ૧૪ લોકોના મોત થયા હતા, જ્યારે ૧ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ એક નાઈટક્લબમાં નવા વર્ષની આતિશબાજી દરમિયાન લાગેલી આગમાં ૬૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા.



# ભારત અને બ્રિટન વચ્ચેનો મુક્ત વ્યાપાર કરાર ૧૫ જુલાઈથી લાગુ થશે: કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે મિડિલ ઈસ્ટમાં ટેન્શન ચરમસીમાએ છે. વૈશ્વિક બજારો તૂટી રહ્યા છે અને ક્રૂડ ઓઈલના ભાવ ઉકળી રહ્યા છે. આ વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત માટે એક બહુ મોટા આર્થિક સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે જાહેરાત કરી છે કે ભારત અને બ્રિટન વચ્ચેનો મુક્ત વ્યાપાર કરાર **(India-UK FTA)** આગામી ૧૫ જુલાઈથી સંપૂર્ણપણે લાગુ થઈ જશે. આ ડીલ બાદ ભારતીય ઉદ્યોગોને બ્રિટનમાં ડ્યુટી ફ્રી (કરમુક્ત) નિકાસનો લાભ મળવાનું શરૂ થઈ જશે. ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વોર અને મિડિલ ઈસ્ટના જંગ વચ્ચે ભારતે પોતાની આર્થિક નીતિઓ મજબૂત કરી છે. ભારતે એક પછી એક ઓમાન, ન્યુઝીલેન્ડ અને યુરોપિયન યુનિયન **(EU)** સાથે વ્યાપારિક કરારો કર્યા છે. આ કડીમાં હવે ભારત-બ્રિટન **FTA** આખરી તબક્કામાં પહોંચ્યો




છે. પીયૂષ ગોયલે જણાવ્યું કે ૧૫ જુલાઈથી બ્રિટન મોકલવામાં આવતી તમામ ભારતીય વસ્તુઓ પર કોઈ ઈમ્પોર્ટ ડ્યુટી (આયાત શુલ્ક) નહીં લાગે. આ ઐતિહાસિક નિર્ણયથી ભારતના ખેડૂતો, માછીમારો, **MSMEs** અને સ્થાનિક ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય સ્તરે બહુ મોટો વેગ મળશે. કેન્દ્રીય મંત્રી ૧૪ જુલાઈથી બ્રસેલ્સમાં યોજાનારી ભારત-**EU** વ્યાપાર અને ટેકનોલોજી કાઉન્સિલ **(TTC)** ની બેઠકમાં પણ ભાગ લેવાના છે. આ વ્યાપાર કરાર માત્ર વસ્તુઓ પૂરતો સીમિત નથી, પરંતુ બ્રિટનમાં કામ કરતા હજારો ભારતીય પ્રોફેશનલ્સ માટે લોટરી સમાન સાબિત થશે. આ ડીલમાં 'ડબલ કન્ટ્રીબ્યુશન કન્વેન્શન' **(DCC)** ની જોગવાઈ ઉમેરવામાં આવી છે. આ નિયમ અંતર્ગત હવે બ્રિટનમાં ૫ વર્ષ સુધી કામ કરતા ભારતીય પ્રોફેશનલ્સે ત્યાંની સામાજિક સુરક્ષા વ્યવસ્થામાં કોઈ નાણાકીય યોગદાન આપવું નહીં પડે. અગાઉ ભારતીય પ્રોફેશનલ્સના પગારનો આશરે ૨૫% જેટલો મોટો હિસ્સો બ્રિટન સરકારની આ યોજનામાં જતો હતો. જે હવે સંપૂર્ણ બચી જશે. આ બચેલા પૈસા ભારતમાં તેમના ભવિષ્ય નિધિ ખાતા **(PF Account)** માં જમા કરવામાં આવશે, જેના પર વાર્ષિક ૮.૨૫% ના દરે વ્યાજ મળશે અને આ આખી રકમ સંપૂર્ણપણે ટેક્સ ફ્રી રહેશે. આ ડીલ લાગુ થતાં જ ભારતીય બજારમાં બ્રિટનથી ઈમ્પોર્ટ થતી લક્ઝરી ચીજવસ્તુઓ ઘણી સસ્તી થઈ જશે. ૧૫ જુલાઈથી યુકેથી આવતી આયાતી કારોના ભાવમાં ૮૦% સુધીનો મોટો ઘટાડો જોવા મળી શકે છે. આ નિર્ણય બાદ બ્રિટનની પ્રખ્યાત લેન્ડ રોવર, જગુઆર, રોલ્સ રોયસ અને એસ્ટન માર્ટિન જેવી બ્રાન્ડેડ લક્ઝરી કારો ભારતમાં ઘણા ઓછા ભાવે ખરીદી શકાશે. આ ઉપરાંત, ભારતમાં અત્યારે બ્રિટિશ સ્કોચ વ્હિસ્કી પર ૧૫૦% જેટલી માતબર ઈમ્પોર્ટ ડ્યુટી વસૂલવામાં આવે છે. આ કરાર અંતર્ગત આ ડ્યુટીને તબક્કાવાર ઘટાડીને માત્ર ૪૦% સુધી લાવવામાં આવશે. આનો અર્થ એ થયો કે આગામી સમયમાં સ્કોચ વ્હિસ્કીના ભાવમાં ૧૧૦% સુધીનો મોટો ઘટાડો થશે.

### લોકો હુમલા સમયે ખુલ્લામાં રહેવા માટે મજબૂર

# ઈરાનના મિસાઈલ હુમલા વચ્ચે ગલ્ફ વિસ્તારમાં ૯૦ લાખ ભારતીયો ફસાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં મિસાઈલ હુમલાઓ, ધડાકાઓ અને યુદ્ધની ચીનગારીઓએ સમગ્ર જગતના શ્વાસ રોકી દીધા છે. ઈરાનની મિસાઈલ્સ, જહાજો ઉપર પડતાં સ્થિતિ ગંભીર બની ગઈ છે.

ગલ્ફ વિસ્તારમાં ૯૦ લાખથી વધુ નાગરિકો વસે છે. તે પૈકી સૌથી વધુ (૧) દુબઈ (યુએઈ)માં ૨૦ લાખ ભારતીયો છે. (૨) અબુધાબી (યુએઈ)નાં પાટનગરમાં ૮ લાખ જેટલા ભારતીયો છે. (૩) યુએઈનાં શારજાહમાં પણ આશરે ૭ લાખ ભારતીયો વસે છે. કતરનાં પાટનગર દોહામાં અને આસપાસમાં ૫ લાખથી વધુ ભારતીયો છે. (૪) મનામા (બહેરિન) બહેરિનના આ પાટનગર તથા મુહર્રક જેવા વિસ્તારોમાં પણ ઘણા ભારતીયો વસે છે. આ સર્વેને ભારતીય દૂતાવાસો અને ઉપ-દૂતાવાસોએ સતત સંપર્કમાં રહેવા સૂચના આપી દીધી છે. તેમજ મિસાઈલ્સ કે બોમ્બ વર્ષા સમયે મકાનો છોડી ખુલ્લામાં ચાલ્યા જવા તાકીદ કરી છે.ઈરાન હોર્મુઝ અને તટીય પ્રદેશમાં મિસાઈલ હુમલા કરી રહ્યું છે તેની ભારતે ઉગ્ર ટીકા કરી છે. ઈરાન વ્યાપારી જહાજો ઉપર પણ હુમલા કરે છે. તાજેતરમાં જ ઓમાન પાસે કોમર્શિયલ વેસલ જી.એફ.એસ. ગેલેક્ષી ઉપર ઈરાને મિસાઈલ હુમલો કરતાં તે જહાજમાં રહેલા ૧૧ ભારતીય નાગરિકો પૈકી ૧૦ને તો બચાવી લેવાયા હતા. પરંતુ એકનો હજી સુધી કોઈ પત્તો નથી. તેનું મૃત્યુ થયું હોવાની આશંકા છે. ભારતનાં વિદેશ-મંત્રાલયે આ ઘટના અંગે ઈરાનની સરકાર સમક્ષ વાંધો ઉઠાવ્યો છે અને કહ્યું છે કે વિવાદનો ઉકેલ શાંતિમય મંત્રણા દ્વારા જ લાવવો જોઈએ તો જ ગલ્ફ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા રહી શકે.

જોકે નિરીક્ષકો કહે છે કે ભારતીય વિદેશમંત્રાલયે આ પ્રમાણે કહ્યું તો જરૂર છે પરંતુ તે સમજે જ છે કે આ વિસ્તારમાં શાંતિ સ્થાપવાની અત્યારે તો કોઈ સંભાવના નથી.

# દેશના અનેક વિસ્તારોમાં આવ્યા ભૂકંપના આંચકા, ધ્રૂજી ઊઠી ધરતી: જમ્મુ કાશ્મીરથી મણિપુર સુધી આંચકા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના ઘણા ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા. જમ્મુ કાશ્મીરના બારામુલા જિલ્લામાં રવિવારે મોડી રાત્રે રિક્ટર સ્કેલ પર ૩.૬ ની તીવ્રતાનો હળવો ભૂકંપ આવ્યો. વળી મણિપુરમાં સોમવારે (૧૩ જુલાઈ) સવારે ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. આના લીધે લોકોમાં ફાળ પડી ગઈ. જો કે કોઈ પણ પ્રકારના નુકસાનના સમાચાર નથી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી **(NCS)** એ ભૂકંપ અંગે માહિતી આપી. **NCS** એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **'X'** પર માહિતી શેર કરતાં જણાવ્યું કે, બારામુલામાં ભૂકંપ મોડી રાત્રે ૨ વાગ્યે આવ્યો. આનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. હજુ સુધી ભૂકંપથી કોઈ પણ પ્રકારના જાન-માલના નુકસાન કે કોઈ ઘાયલ થયાના અહેવાલ મળ્યા નથી. આ પહેલા ફેબ્રુઆરીમાં પણ બારામુલા જિલ્લામાં રિક્ટર સ્કેલ પર ૪.૬ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તે સમયે જિલ્લાનો પટ્ટન વિસ્તાર ભૂકંપનું કેન્દ્ર હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી **(NCS)** ના જણાવ્યા અનુસાર, સોમવારે વહેલી સવારે મણિપુરના કામજોંગ જિલ્લામાં ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ભૂકંપ સવારે ૬.૩૨ વાગ્યે ૮૦ કિલોમીટરની ઊંડાઈ પર આવ્યો. આનું કેન્દ્ર કામજોંગ જિલ્લામાં ઈમ્ફાલથી લગભગ ૩૧ કિલોમીટર પૂર્વ-દક્ષિણ પૂર્વમાં સ્થિત હતું. મહત્ત્વની વાત એ છે કે ભૂકંપના કારણે કોઈ પણ પ્રકારના જાન-માલના નુકસાનના કોઈ સમાચાર નથી.

મણિપુર પહેલા આંધ્ર પ્રદેશના દરિયાકાંઠા પાસે બંગાળની ખાડીમાં રવિવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા. આની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૫ માપવામાં આવી. ભૂકંપના આંચકા વિશાખાપટ્ટનમ શહેરના ઘણા ભાગોમાં અનુભવાયા.

### ભારતીય નેવીને ૧૫ જ્યારે આર્મી અને એરફોર્સને ૮-૮ ડ્રોન સોપાશે

# અમેરિકાએ ઈરાન સામે ઉપયોગમાં લીધેલા રીપર ડ્રોન ભારત ખરીદશે

## આ ડ્રોન અત્યંત આધુનિક માનવામાં આવે છે કેમ કે તેની ઉડાન ક્ષમતા ૪૦ કલાકથી પણ વધુની છે, સાથે જ તેમાં સેટેલાઈટ કનેક્ટિવિટી પણ હોય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય શસ્ત્ર દળો દુશ્મન દેશો પર નજર રાખવા માટે પોતાની ક્ષમતા વધારી રહ્યા છે. જે માટે ભારત અમેરિકા પાસેથી ૩૧ એમક્યૂ-૯ રીપર ડ્રોનની ખરીદી કરવા જઈ રહ્યું છે. અમેરિકા સાથે કરારો મુજબ ભારતીય નેવીને ૧૫ જ્યારે આર્મી અને એરફોર્સને ૮-૮ ડ્રોન સોંપવામાં આવશે.આ ડ્રોન અત્યંત આધુનિક માનવામાં આવે છે કેમ કે તેની ઉડાન ક્ષમતા ૪૦ કલાકથી પણ વધુની છે, સાથે જ તેમાં સેટેલાઈટ કનેક્ટિવિટી પણ હોય છે જેને પગલે માનવયુક્ત વિમાનોની સરખામણીએ વધુ સમય સુધી અત્યંત સંવેદનશીલ સરહદોએ તેમજ સમુદ્રી વિસ્તારમાં દુશ્મનો પર નજર રાખવા વધુ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.આ ડ્રોનનો



ઉપયોગ અમેરિકા ઈરાનની સામે કરતુ આવ્યું છે. જોકે મિડલ ઈસ્ટના સંઘર્ષમાં ઈરાને અમેરિકાના આ આશરે ૩૦ જેટલા એમક્યૂ-૯ રીપર ડ્રોન તોડી પાડયા છે. જ્યારે ૪૨ જેટલા વિમાન ખોઈ નાખ્યા છે. રીપર મુખ્યત્વે ધીમી ગતીએ પરંતુ ઉંચાઈ પર ઉડનારુ ડ્રેન માનવામાં આવે છે. દુશ્મન દેશોના એવા હવાઈ ક્ષેત્રો કે જ્યાં બહુ જ ઓછી ચહલ પહલ હોય ત્યાં આ ડ્રોન મદદરૂપ માનવામાં આવે છે. બીજી તરફ સૈન્યને આધુનિક બનાવવાની દિશામાં વધુ એક પગલુ ભરાયું છે, સૈન્ય ૪૫૦ જેટલા નવા એમ૪ વેરિઅન્ટના રોકેટ લોન્ચર્સ ખરીદવાની તૈયારી કરી રહ્યું છે. કાર્લ ગુસ્તાફ ૮૪એમએમ નામના આ રોકેટ લોન્ચર્સને સૈનિકો પોતાના ખભા પરથી જ લોન્ચ કરી શકે એટલા હળવા માનવામાં આવે છે. ખાસ કરીને જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં તૈનાત સૈનિકો માટે આ હથિયાર બહુ જ ઉપયોગી સાબિત થશે. કાર્લ ગુસ્તફ એમ૪નું વજન માત્ર સાત કીલો હોય છે. આ પહેલાનું વર્ઝન ૧૪ કીલો એટલે કે ડબલ વજન ધરાવતું હતું.

### E20 પેટ્રોલ પર્યાવરણ માટે સારો વિકલ્પ : સરકાર

# સરકારનો સ્વીકાર: ૫ ટકા સુધી ઘટી શકે છે માઈલેજ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજકાલ દેશમાં **E20** પેટ્રોલ વિશે ઘણી ચર્ચા ચાલી રહી છે. સરકારનો દાવો છે કે **E20** પેટ્રોલ પર્યાવરણ માટે સારો વિકલ્પ છે અને તેનાથી વાહનના પરફોર્મ પર કોઈ મોટી નકારાત્મક અસર નહીં પડે. જોકે, કેટલાક કિસ્સાઓમાં માઈલેજમાં થોડો ઘટાડો જોવા મળી શકે છે. સરકારના મતે, **E20** પેટ્રોલનો ઉપયોગ કરવાથી એન્જિનની લાઈફ પર કોઈ પ્રતિકૂળ અસર થશે નહીં. આ પેટ્રોલ સંપૂર્ણપણે સલામત છે, ખાસ કરીને **E20** ઈંધણ માટે રચાયેલ વાહનોમાં. કંપનીઓ હવે નવી કાર અને બાઈક લોન્ચ કરી રહી છે જે **E20** સુસંગત છે, જે એન્જિન અને ઈંધણ સિસ્ટમ લાંબા સમય સુધી શ્રેષ્ઠ રીતે કાર્ય કરે છે તેની ખાતરી કરે છે.

**E20** પેટ્રોલમાં પેટ્રોલની સરખામણીએ ઉર્જાની માત્રા થોડી ઓછી છે. પરિણામે કેટલાક વાહનોના માઈલેજમાં થોડો ઘટાડો થઈ શકે છે. **E20** પેટ્રોલનો ઉપયોગ કરવાથી માઈલેજ લગભગ ૧ થી ૫ ટકા ઘટી શકે છે. આનો અર્થ એ છે કે જો તમારું વાહન અગાઉ ૨૦ કિલોમીટર પ્રતિ લિટર ઈંધણ પહોંચાડતું હોય તો **E20** નો ઉપયોગ કર્યા પછી તેમાં થોડો ઘટાડો જોવા મળી શકે છે. માઈલેજ ઓછી થવા છતાં સરકારનો દાવો છે કે વાહનની પિકઅપ અને ડ્રાઈવિંગ પરફોર્મ મજબૂત રહેશે. આધુનિક એન્જિનો **E20** પેટ્રોલ માટે ડિઝાઈન કરવામાં આવી રહ્યા છે, જે ખાતરી કરશે કે પાવર ડિલિવરી અથવા એન્જિન ક્ષમતામાં કોઈ મોટી સમસ્યા નહીં હોય. ઘણા કિસ્સાઓમાં સુધારેલ કમ્બશન પણ સરળ એન્જિન અનુભવમાં પરિણમી શકે છે.




# તંત્રી લેખ......

## ઈથેનોલ ભારતને ઈંધણમાં આત્મનિર્ભર બનાવશે

સ્વતંત્રતા પછી, ભારતે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો જોયા છે જેણે દેશને બદલી નાખ્યો છે. હરિયાળી ક્રાંતિએ આપણને ખાદ્ય અનાજમાં આત્મનિર્ભર બનાવ્યો. હવે, સરકારનો ઈથેનોલ કાર્યક્રમ ઈંધણ સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવાનો છે. ભારત ક્રૂડ ઓઈલ આયાત પર વાર્ષિક રૂા.૭ લાખ કરોડથી વધુ ખર્ચ કરે છે. આ નાણાં વિદેશમાં જાય છે, જે આપણા અર્થતંત્ર પર બોજ વધારે છે અને આપણને અન્ય દેશો પર નિર્ભર બનાવે છે. જ્યારે ખાડી દેશોમાં તણાવ પેદા થાય છે, ત્યારે ક્રૂડ ઓઈલના ભાવ વધે છે, જેની સીધી અસર સામાન્ય ભારતીયોના ખિસ્સા પર પડે છે. સરકારનું ઈથેનોલ મિશન આ નિર્ભરતાને તોડવાનો પ્રયાસ છે. સરળ શબ્દોમાં કહીએ તો, તમારા પોતાના શેરડીમાંથી, તમારા પોતાના ખેતરોમાંથી તમારું પોતાનું બળતણ ઉત્પન્ન કરો. આ દિશામાં, કેન્દ્ર સરકારે તાજેતરમાં ૨૨%, ૨૫%, ૨૭% અને ૩૦% ઈથેનોલ ધરાવતા પેટ્રોલ પરની એક્સાઈઝ ડ્યુટી દૂર કરી છે. આનો અર્થ એ થયો કે વધુ ઈથેનોલ સામગ્રીવાળા પેટ્રોલનું ઉત્પાદન હવે સસ્તું થશે. સરકારે ૧૦૦% ઈથેનોલને પણ કાયદેસર બનાવ્યું છે. જ્યારે ૨૦૧૮ માં આ યોજના શરૂ કરવામાં આવી હતી, ત્યારે પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ પાંચ ટકાથી ઓછું હતું. ૨૦૨૩-૨૪ માં, આ રકમ વધીને ૧૫% થી વધુ થઈ ગઈ છે. આજે, ૨૦% ઈથેનોલ (ઈ-૨૦ ઈંધણ) પેટ્રોલમાં ભેળવવામાં આવી રહ્યું છે. ઈ-૨૦ ના રાષ્ટ્રીય અમલીકરણથી આયાત બિલમાં વાર્ષિક આશરે ?૩૦,૦૦૦ કરોડનો ઘટાડો થવાની ધારણા છે. ભારતમાં ઈથેનોલ ઉત્પાદન માટે પુષ્કળ સંસાધનો છે. આજે, મોટાભાગનું ઈથેનોલ શેરડીના મોલાસીસ અને બગડેલા અથવા વધારાના અનાજમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ ભવિષ્યમાં, ઘણા વધુ સ્ત્રોતો ઉપલબ્ધ છે. ઈથેનોલ વાંસ, સ્ટબલ, લણણી પછી ખેતરોમાં બાકી રહેલા પાકના અવશેષો અને ચોક્કસ પ્રકારના શહેરી કચરામાંથી પણ ઉત્પન્ન થઈ શકે છે. આને બીજી પેઢીનું ઈથેનોલ કહેવામાં આવે છે. તે ખાદ્ય પાકોનો ઉપયોગ કરતું નથી, તેથી તે ખાદ્ય સુરક્ષાને અસર કરતું નથી. સરકાર ભવિષ્યમાં ઈથેનોલનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરતા પ્રોજેક્ટ્સને પણ પ્રોત્સાહન આપી રહી છે. ખેડૂતોને આનો સૌથી વધુ ફાયદો થયો છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને બિહારમાં શેરડીના ખેડૂતો લાંબા સમયથી ઓછી કિંમતો અને ખાંડ મિલોથી વિલંબિત ચુકવણી જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ઈથેનોલ યોજનાએ આ પરિસ્થિતિને બદલવાનું શરૂ કર્યું છે. હવે, ડિસ્ટિલરીઓ સરકારી ગેરંટી સાથે ઈથેનોલ ખરીદે છે, જેનાથી ખાંડ મિલોને આવકનો વધારાનો સ્ત્રોત મળે છે. તેનો લાભ ખેડૂતો સુધી પણ પહોંચી રહ્યો છે, અને તેમને સમયસર ચુકવણી મળી રહી છે. પર્યાવરણની વાત કરીએ તો, ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલ ઓછું ધુમાડો ઉત્પન્ન કરે છે. તે હાનિકારક કણો અને કાર્બન મોનોક્સાઈડ ઉત્સર્જન ઘટાડે છે. ઈલેક્ટ્રિક વાહનો અને સૌર પેનલ પણ આવશ્યક છે, પરંતુ તેમને નોંધપાત્ર રોકાણ અને લાંબી રાહ જોવાની જરૂર છે. ઈથેનોલ મિશ્રણ આજના વાહનો, આજના પેટ્રોલ પંપ અને આજના કૃષિ સાથે કામ કરે છે; આ તેની સૌથી મોટી તાકાત છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે જો ઈથેનોલ વધતું રહેશે, તો ભવિષ્યના વાહનો કેવા હશે? જવાબ છે ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો. આ વાહનો પેટ્રોલ, ઈથેનોલ અથવા બંનેના કોઈપણ મિશ્રણ પર ચાલી શકે છે. તેમાં સ્માર્ટ એન્જિન છે જે ટાંકીમાં બળતણને આપમેળે સમજે છે અને તે મુજબ કાર્ય કરે છે. ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોની આ સાચી તાકાત છે. મારુતિના વેગન આરનું ફ્લેક્સ-ફ્યુઅલ મોડેલ બજારમાં આવી ચૂક્યું છે. તેમાં ઈથેનોલ સેન્સર, સુધારેલ ફ્યુઅલ ઈન્જેક્શન સિસ્ટમ અને કાટ-પ્રતિરોધક ભાગો છે જે વધુ ઈથેનોલ વપરાશનો સામનો કરી શકે છે. ઈ-૨૦ નું સૌથી ચર્ચિત પાસું તેનું માઈલેજ છે. તાજેતરમાં, કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ પણ સ્વીકાર્યું હતું કે પેટ્રોલ કરતાં ઈથેનોલના ઓછા કેલરીફિક મૂલ્યને કારણે, ઈ-૨૦ ઈંધણનો ઉપયોગ કરીને માઈલેજમાં થોડો ઘટાડો થઈ શકે છે. જો કે, આ અસર સામાન્ય પરિસ્થિતિઓમાં મર્યાદિત છે, અને ઈ-૨૦ ને કારણે વાહનોને કોઈ નુકસાન થયાના કોઈ પુરાવા નથી.

શાંતિ સમિતિની બેઠકો પર વિશેષ ભારઃ કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા વ્યવસ્થાની તમામ SP અને રેન્જ IG સાથે કરાઈ વિસ્તૃત સમીક્ષા

# ભગવાન જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં પોલીસ ભવન ખાતેથી યોજાઈ મહત્વની વીડિયો કોન્ફરન્સ

### અમદાવાદ, ભાવનગર, ખંભાત સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ તકેદારી રાખવા અને સોશિયલ મીડિયા પર સખત મોનિટરિંગ કરવા આદેશ





આગામી ભગવાન જગન્નાથજીની રથયાત્રા રાજ્યભરમાં શાંતિપૂર્ણ, કોમી એકતા અને સુરક્ષિત માહોલમાં સંપન્ન થાય તેમજ ચાલુ વરસાદી માહોલમાં પણ સુરક્ષા વ્યવસ્થા ખોરવાય નહીં તે માટે આજે પોલીસ ભવન ખાતેથી એક ઉચ્ચ સ્તરીય વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યના તમામ શહેરના પોલીસ કમિશનરશ્રીઓ, રેન્જ વડાશ્રીઓ તેમજ જિલ્લાના પોલીસ વડાશ્રીઓ ઓનલાઈન જોડાયા હતા.

રથયાત્રા દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રહે તેવા મુખ્ય ઉદ્દેશ સાથે યોજાયેલી આ બેઠકમાં શ્રી જી. એસ. મલિક દ્વારા સબંધિત પોલીસ અધિકારીશ્રીઓને મહત્વની સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ, ભાવનગર, ખંભાત સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ સતર્કતા રાખવા આદેશ આપવામાં આવ્યા છે. કોઈપણ આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા માટે પૂરતા પ્રમાણમાં ટિયર ગેસ, લાઠી, હેલ્મેટ સહિતની જરૂરી સુરક્ષા સામગ્રી તૈયાર રાખવા પણ જણાવાયું છે.

સ્થાનિક સ્તરે શાંતિ સમિતિની બેઠકો શક્ય તેટલી વધુ યોજવા તેમજ રથયાત્રા અને રેલીના આયોજકો સાથે અગાઉથી જ બેઠક કરી લેવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત, વિસ્તારોમાં સઘન ફૂટ પેટ્રોલીંગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. બીજી તરફ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર કડક મોનિટરિંગ રાખવા અને રથયાત્રા દરમિયાન કોઈ પણ પ્રકારની અફવાઓ ન ફેલાય તેની ખાસ તકેદારી રાખવા રાજ્યના પોલીસ વડાશ્રીએ સૂચના આપી છે.

સુરક્ષા અને પારદર્શિતાના ભાગરૂપે ઓન-ડ્યુટી પોલીસ કર્મચારીઓ દ્વારા બોડી વોર્ન કેમેરા નો શક્ય તેટલો વધુ ઉપયોગ કરવા આદેશ અપાયા છે. રથયાત્રાના રૂટ પર આવતા વિસ્તારોના હિસ્ટ્રીશીટરો સાથે અગાઉથી બેઠકો કરી કાયદાકીય પગલાં લેવા, જેથી રથયાત્રાના દિવસે કોઈ વિક્ષેપ ન પડે. આ ઉપરાંત, જે વિસ્તારોમાં રથયાત્રાનો રૂટ વધુ લાંબો હોય ત્યાં અગાઉથી જ પોલીસ ફોર્સનું પ્રોપર ડી-બ્રિફિંગ કરી લેવા સૂચના અપાઈ છે. વરસાદી માહોલને ધ્યાને રાખીને રથયાત્રાના માર્ગ પર બિલ્ડીંગોની ઉપર નડતરરૂપ કે જોખમી વીજવાયરો ન હોય તેની ખાસ ચકાસણી કરવા સંબંધિત વિભાગો સાથે સંકલન સાધવા પણ જણાવાયું છે.

શ્રી જી. એસ. મલિકે આ બેઠકમાં તમામ જિલ્લાના એસ.પી અને રેન્જ આઈ.જી.પી સાથે તેમની સ્થાનિક સ્તરની સુરક્ષા તૈયારીઓ અંગે ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી અને જરૂરી સુધારા-વધારા સૂચવ્યા હતા.

આ ઉચ્ચ સ્તરીય વીડિયો કોન્ફરન્સમાં પોલીસ ભવન ખાતેથી કાયદો અને વ્યવસ્થાના ડીજીપીશ્રી, આઈજીપીશ્રી, આઈબી આઈજીપીશ્રી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે તમામ શહેરોના પોલીસ કમિશનરશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાશ્રીઓ ઓનલાઈન માધ્યમથી વીડિયો કોન્ફરન્સમાં જોડાયા હતા.

# ગુજરાતમાં ધો.૧૨ પહેલા ૪૫.૫ ટકા વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દે છે : રીપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના શિક્ષણ જગત માટે તાજેતરમાં જાહેર થયેલો ૨૦૨૫-૨૬ રીપોર્ટ એક લાલબત્તી સમાન છે. આ રીપોર્ટ મુજબ રાજયમાં શાળામાં પ્રવેશ લેનારા લગભગ ૪૫.૫ ટકા વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સુધી પહોચતા પહેલા જ શાળાનો ત્યાગ કરી દે છે. આ નો સીધો અર્થ એ છે કે માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓનો રીટન્શન રેટ માત્ર ૫૪.૫ ટકા છે.

આ આંકડો માત્ર આંકડાકીય માહિતી નથી પરંતુ લાખો વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિન્હ મુકે છે. વર્ષ ૨૦૨૫-૨૬ માં રાજયની ૫૩,૪૨૫ શાળાઓમાં ૧.૧૫ કરોડ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા. પરંતુ તેમની આ સફર ધોરણ ૧૨ સુધી સાતત્યપૂર્ણ રહેતી નથી. જો કે છોકરાઓનો રીટન્શન રેટ ૫૩ ટકા અને છોકરીઓનો ૫૬.૨ ટકા છે. જે રાષ્ટ્રીય સરેરાશ ૫૧.૯ ટકા થી સહેજ વધુ છે. પરંતુ ૪૫.૫ ટકા ડ્રોપ આઉટદર શિક્ષણ વ્યવસ્થાની મોટી નિષ્ફળતા દર તરફ નિર્દેશ કરે છે. રીપોર્ટના ઉંડાણપુર્વકના વિશ્લેષણથી જાણવા મળે છે કે ગુજરાતમાં શિક્ષણનો પાયો પ્રાથમિક સ્તરે મજબુત છે. પરંતુ જેમ વિદ્યાર્થી આગળ વધે છે તેમ ગ્રાફ નીચે તરફ જતો દેખાય છે. પ્રારંભિક તબકકે ૧૦૦ ટકા રીટન્શન હોવુ એ એક સકારાત્મક પાસુ છે. જે દર્શાવે છે કે બાળકોને શાળાએ લાવવામાં તંત્ર સફળ રહ્યુ છે. પરંતુ મીડલ સ્તરે (માધ્યમિક શિક્ષણના પૂર્વ તબકકે) આ દર ઘટીને ૯૦.૪ ટકા થઈ જાય છે અને માધ્યમિક સ્તર પર પહોચતા જ તેમાં મોટો ઘટાડો જોવા મળે છે.

ગુજરાતમાં માધ્યમિક સ્તરે ડ્રોપ આઉટ રેટ ૧૨.૫ ટકા છે. જે રાષ્ટ્રીય સરેરાશ (૭ ટકા) કરતા લગભગ બમણો છે. આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે પ્રાથમિક શિક્ષણ બાદ વિદ્યાર્થીઓને શાળામાં ટકાવી રાખવા માટેની સુવિધાઓ કે પ્રોત્સાહનનો અભાવ છે. શિક્ષણની ગુણવત્તામાં શિક્ષકોનો ફાળો સર્વોપરી હોય છે અને આ બાબતે રીપોર્ટ એક મિશ્રિત તસવીર રજુ કરે છે.

રાજયમાં સરેરાશ પ્રતિશાળા ૭ શિક્ષકોની ઉપલબ્ધતા છે. જે રાષ્ટ્રીય સરેરાશ ને અનુરૂપ છે. પરંતુ વાસ્તવિકતા સ્ટુડન્ટ-ટીચર રેશિયો (એસટીઆર) માં છુપાયેલી છે. ગુજરાતમાં એસટીઆર ૨૯:૧ છે. જયારે રાષ્ટ્રીય સ્તર પર તે ૨૪:૧ છે. આનો અર્થ એ કે એક શિક્ષકે સરેરાશ ૨૯ વિદ્યાર્થીઓ પર ધ્યાન આપવુ પડે છે. જેના કારણે વ્યકિતગત શિક્ષણની ગુણવત્તા પર અસર પડે છે, વધુ ગંભીર બાબત એ છે કે રાજયની ૫૮ શાળાઓ એવી છે જયાં એકપણ વિદ્યાર્થી નોંધાયેલો નથી. છતાં ત્યાં ૭૪ શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે. આ પ્રકારનુ સંશાધન વ્યવસ્થાપન વહિવટી ખામીઓને ઉજાગર કરે છે. તો બીજી તરફ ૨૩૩૫ શાળાઓ એવી છે જે એકલ શિક્ષક (સીંગલ ટીચર) દ્વારા ચાલે છે. જેમાં ૮૦,૦૫૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

માધ્યમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ રેટ વધવા પાછળ અનેક સામાજિક અને આર્થિક કારણો જવાબદાર હોઈ શકે છે. જયારે વિદ્યાર્થી ૧૪ થી ૧૫ વરસની વયે પહોચે છે ત્યારે કુટુંબની આર્થિક સ્થિતિને કારણે તે ઘણીવાર શિક્ષણ છોડીને મજુરી કામે લાગી જાય છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં શાળાઓનુ અંતર અને પરીવહનની અસુવિધા પણ એક મોટુ કારણ છે. રીપોર્ટમાં આ આંકડાઓ દર્શાવે છે કે આપણે પ્રાથમિક નામાંકન મા તો સફળ થયા છીએ, પણ વિદ્યાર્થીઓને લાંબા ગાળા સુધી શિક્ષણ સાથે જોડી રાખવાની વ્યુહ રચનામાં કયાંક ઉણા ઉતરી રહ્યા છીએ. માધ્યમિક શિક્ષણ એ બાળકના ભવિષ્યની કારર્કિદીનો પાયો છે અને ત્યાં જ આટલો મોટો ડ્રોપ આઉટ દર રાજયના માનવ વિકાસ સુચકાંક પર ગંભીર અસર કરી શકે છે.

## અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ બાદ ભયાનક પૂરઃ ૧ લાખ લોકો પ્રભાવિત, ઘર-રસ્તા ડૂબ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈટાનગર

અરુણાચલ પ્રદેશમાં સતત વરસાદને કારણે કુમેય નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. જેના લીધે સરહદી શહેર પારસી-પારલો સર્કલ જળમગ્ન બન્યું છે. ભારે વરસાદના કારણે શાળાઓ, કચેરીઓ અને ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. વિસ્તારની ઘણી કોલોનીઓ અને ગામડાઓના રસ્તાઓ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. ભૂસ્ખલન અને ધોવાણને કારણે રસ્તાઓને ભારે નુકસાન થયું છે.નવા પૂર અને ભૂસ્ખલનને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા છે, પુલ ધોવાઈ ગયા છે, અને ઘણા વિસ્તારોમાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે(SEOC) સોમવારે માહિતી આપી હતી કે, પૂરમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે, જ્યારે ૨૯ લોકો ઘાયલ થયા છે. રાજ્યના ૨૬ જિલ્લાના ૪૨૫ ગામોમાં પૂરના કારણે કુલ ૯૭,૧૮૨ લોકો પ્રભાવિત થયા છે. આ સાથે જ કૃષિ અને જાહેર સંપત્તિને પણ મોટું નુકસાન પહોંચ્યું છે. કુમેય નદીના ઉપરના વિસ્તારોમાં સોમવારે સવારે ભારે વરસાદથી અચાનક પૂર આવી ગયું. તેનાથી પારસી-પારલો સર્કલ અને દામિન સબડિવિઝન સૌથી વધુ પ્રભાવિત થયા છે. દામિનમાં હુરી-દામિનને જોડતો પુલ સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે, જેનાથી માર્ગ સંપર્ક તૂટી ગયો છે. પારસી-પારલોમાં બે મકાનો આંશિક રીતે ક્ષતિગ્રસ્ત થયા છે, અને એક ચર્ચને પણ નુકસાન થયું છે. આ સિવાય પાગમ ગામને જોડતો એક પુલ પણ ધોવાઈ ગયો. વિસ્તારની પ્રખ્યાત સેન્ટ થોમસ સ્કૂલ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગઈ છે. આ સિવાય પક્કે કેસાંગ જિલ્લામાં ભારે ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે-૧૩ પર પાકરો ગામ પાસે રસ્તો બંધ થઈ ગયો છે. ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના કારણે પ્રભાવિત વિસ્તારોમાં કુલ ૫૪૧.૭૫ હેક્ટર પાક બરબાદ થયો છે.

આશરે ૧,૦૧૦ હેક્ટર જંગલ પણ પ્રભાવિત થયું છે. સેંકડો ઘરોને નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત ૧૫૦ રસ્તાઓ, ૧૯ પુલ, ૨૨૧ પાણી પુરવઠા વ્યવસ્થા, ૫૮ સરકારી ઈમારતો, ૧૫૬ વીજળી લાઈનો, ૨૨૪ વીજળીના થાંભલા, ૧૦ જળવિદ્યુત પરિયોજનાઓ, ૨ હૉસ્પિટલ અને ૩ શાળાઓ ક્ષતિગ્રસ્ત થઈ છે. જિલ્લા વહીવટી તંત્ર, પેરામિલીટરી ફોર્સ, પોલીસ અને અન્ય વિભાગો સાથે મળીને નુકસાનની સમીક્ષા કરી રહ્યું છે, અને રાહત કામગીરી ચલાવી રહ્યું છે. લોકોને ભારે વરસાદવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરવામાં આવી છે.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૧૩/૦૭/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૦ | ૧,૩૫૦.૦૦ | ૧,૫૫૦.૦૦ |
| ૨ | એરંડા | ૧૦૧ | ૧,૪૧૦.૦૦ | ૧,૪૧૨.૦૦ |
| ૩ | ઘઉં | ૧૮૦ | ૫૦૯.૦૦ | ૫૩૫.૦૦ |
| ૪ | બાજરી | ૪૦ | ૪૯૨.૦૦ | ૫૨૧.૦૦ |
| ૫ | મકાઇ | ૫૫ | ૪૯૧.૦૦ | ૫૦૩.૦૦ |
| ૬ | ચણા | ૮૫ | ૧,૦૮૧.૦૦ | ૧,૧૩૨.૦૦ |
| ૭ | મગ | ૩ | ૧,૩૫૦.૦૦ | ૧,૪૧૨.૦૦ |

મુનિમજી સોફટવેર


ચેન્નઈ સુપર કિંગ્સને મોટો ઝટકો

# હેડ કોચ સ્ટીફન ફલેમિંગે ૧૮ વર્ષ બાદ ટીમનો સાથ છોડ્યો

### ફ્રેન્ચાઈઝી પ્રમાણે ફલેમિંગ અને સીએસકે મેનેજમેન્ટ વચ્ચે થયેલી વાતચીત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આઈપીએલની સૌથી સફળ ફ્રેન્ચાઈઝીમાંથી એક ચેન્નઈ સુપર કિંગ્સ તરફથી મોટા સમાચાર સામે આવ્યા છે. ચેન્નઈ સુપર કિંગ્સ સાથે છેલ્લા ૧૮ વર્ષથી જોડાયેલા હેડ કોચ સ્ટીફન ફ્લેમિંગે આપસી સહમતિથી એકબીજાથી અલગ થવાનો નિર્ણય કર્યો છે. ફ્રેન્ચાઈઝી પ્રમાણે ફ્લેમિંગ અને સીએસકે મેનેજમેન્ટ વચ્ચે થયેલી વાતચીત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો, જેનાથી ચેન્નઈના એક ઐતિહાસિક યુગનો અંત થઈ ગયો છે.

ન્યૂઝીલેન્ડના પૂર્વ કેપ્ટન સ્ટીફન ફ્લેમિંગ વર્ષ ૨૦૦૮મા આઈપીએલની પર્દાપણ સીઝનમાં ખેલાડી તરીકે ચેન્નઈ સુપર કિંગ્સ સાથે જોડાયા હતા. ત્યારબાદ ૨૦૦૯મા ટીમે તેમને હેડ કોચ બનાવ્યા હતા. વર્ષ ૨૦૦૯થી લઈને ૨૦૨૬ સુધી, ફ્લેમિંગે પૂર્વ ભારતીય કેપ્ટન એમએસ ધોનીની સાથે મળી એક એવી મજબૂત જોડી બનાવી, જેણે આઈપીએલમાં ઈતિહાસ રચી દીધો. તેની દેખરેખમાં સીએસકે લીગની સૌથી સાતત્યપૂર્ણ પ્રદર્શન કરનારી ટીમ બનીને ઉભરી હતી. સ્ટીફન ફ્લેમિંગનું ચેન્નઈ સુપર કિંગ્સને એક બ્રાન્ડ અને ચેમ્પિયન ટીમ બનાવવામાં મોટું યોગદાન રહ્યું છે. આ ૧૮ વર્ષમાં ચેન્નઈએ શાનદાર પ્રદર્શન કર્યુ. ફ્લેમિંગના કોચ રહેતા ચેન્નઈ સુપર કિંગ્સે ૫ વખત આઈપીએલ ટ્રોફી જીતી અને ૨ વખત ચેમ્પિયન્સ લીગ ટી૨૦ ટ્રોફી પર કબજો કર્યો હતો. ફ્લેમિંગના કાર્યકાળ દરમિયાન ટીમે રેકોર્ડ ૧૨ વખત પ્લેઓફમાં જગ્યા બનાવી. આ સિવાય ચેન્નઈની ટીમે ૧૦ વખત આઈપીએલ ફાઈનલ પણ રમી હતી. આઈપીએલ સિવાય ફ્લેમિંગ સુપર કિંગ્સની બાકી ટીમો (SA20 મા જોબર્ગ સુપર કિંગ્સ અને સ્ન્ઝ માં ટેક્સાસ સુપર કિંગ્સ) ના પણ કોચ રહ્યાં. એસએ૨૦મા બધી ચાર સિઝનો અને એમએલસીની પ્રથમ ત્રણ સિઝનમાં તો તેમની ટીમ પ્લેઓફ સુધી પહોંચી હતી, પરંતુ ક્યારેય ફાઈનલ રમી શકી નહીં. વર્ષ ૨૦૨૬ના એમએલસી સિઝનમાં ટેક્સાસ સુપર કિંગ્સની ટીમ સૌથી નીચે રહી અને પ્લેઓફમાં જગ્યા બનાવી શકી નહીં. જે સુપર કિંગ્સ ફ્રેન્ચાઈઝીની સાથે ફ્લેમિંગનું છેલ્લું અસાઈમેન્ટ સાબિત થયું.

## મોરબીના રવાપર ગામે આગામી તા.૧૮ ને શનિવારે કિસાન સંમેલનનુ આયોજનઃ ગુજરાતભરમાંથી લાખો ખેડુતો ઉમટે તેવી શકયતા : નિલેશભાઈ એરવાડીયા




પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબીમાં આગામી તારીખ ૧૮ જુલાઈને શનિવારે નિલેશ એરવાડીયાની આગેવાની હેઠળ કિસાન સંમેલન માટેની તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે નિલેશ એરવાડીયાના નિવાસસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે ખેડુતોના હક્ક, હિત અને સન્માન માટે સરદાર સેનાની રચના કરવામાં આવશે. સમગ્ર ગુજરાતની અંદર સરદાર સેના દ્વારા ખેડુતોના હિત માટે લડત ચલાવવામાં આવશે. જો કે હાલમાં જે રીતે હકાભા દ્વારા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તેને લઈને મીડીયા દ્વારા પુછવામાં આવેલા સવાલના જવાબમાં નિલેશ એરવાડીયાએ કહ્યુ હતુ કે જો ભવિષ્યમાં મારા ઉપર આક્ષેપો થશે તો હું સરદાર સેનામાંથી પણ હટી જઈશ, મોરબીના જેતપર ગામે ૧૯ દિવસ સુધી આમરણાંત ઉપવાસ આંદોલન ચાલ્યુ હતું. જેના ૧૮ માં દિવસે નિલેશભાઈ એરવાડીયા અને હકાભા ગઢવીનો એક ઓડીયો વાયરલ થયો હતો. ત્યારબાદ આંદોલન સમિતિએ તાત્કાલીક નિર્ણય લઈને નિલેશભાઈએ આંદોલનની છાવણીમાંથી હટી જવા માટે સમજાવ્યા હતા. ત્યારબાદ નિલેશભાઈ મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા અને ૧૯ માં દિવસે આંદોલનની છાવણી ખાતે ઉપવાસ કરતા ઉપવાસીઓના આંદોલન સમિતિના સભ્યોના કહેવાથી દિકરીઓના હસ્તે પારણા કરી દેવામાં આવ્યા હતા. જો કે આજે નિલેશભાઈ એરવાડીયાએ પોતાના નિવાસસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે આગામી તારીખ ૧૮ જુલાઈને શનિવારના રોજ રવાપર ગામે બહુચર મંદિરની સામેના ભાગમાં આવેલ મેદાનમાં કિસાન સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ છે અને આ આયોજન ગુજરાત સરદાર સેના દ્વારા કરવામાં આવ્યુ છે. જેમાં વિશાળ સંખ્યામાં ખેડુતો હાજર રહેશે તેવુ નિલેશભાઈએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતું. જો કે તેમના ઉપર હકાભા ગઢવી દ્વારા જે આક્ષેપો કરવામાં આવ્યા હતા અને જે ઓડીયો વાયરલ થયો હતો તે બાબતે પુછવામાં આવેલા સવાલના જવાબમાં નિલેશભાઈએ જણાવ્યુ હતુ કે મારી સામે આક્ષેપો થયા છે, મેં હકાભા પાસેથી કોઈ રૂપીયા લીધા નથી. માટે પોલીસ ફરીયાદ કરવાનો કોઈ પ્રશ્ન નથી અને જે રીતે હાલમાં આક્ષેપો થયા છે, આવી રીતે જો ભવિષ્યમાં તેમની સાથે કોઈપણ પ્રકારના આક્ષેપો થશે તો તેઓ સરદાર સેનામાંથી પણ હટી જવા માટે પણ તૈયાર છે.

## નાગાલેન્ડમાં આસામ રાઈફલ્સની ગાડીમાં બ્લાસ્ટઃ ૧ જવાન શહીદ અને ૪ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોહીમા

નાગાલેન્ડમાં સુખોવી નજીક આસામ રાઈફલ્સની એક ગાડીને નિશાન બનાવીને શંકાસ્પદ IED બ્લાસ્ટ કરવામાં આવ્યો છે. આ કાયરતાપૂર્ણ હુમલામાં ૧ જવાન શહીદ થયા છે, જ્યારે અન્ય ૪ જવાન ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ઘટનાની જાણ થતાં જ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી દીધી છે, અને મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

નાગાલેન્ડના ચુમૌકેદિમા વિસ્તારમાં સુખોવી ક્ષેત્ર પાસે આસામ રાઈફલ્સના વાહનમાં આ શંકાસ્પદ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) વિસ્ફોટ થયો હતો. શરૂઆતી માહિતી મુજબ, ઘાયલ જવાનોને તાત્કાલિક નજીકની સૈન્ય હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ હુમલા પાછળ કયા ઉગ્રવાદી સંગઠનનો હાથ છે, તેની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ શકી નથી.

નાગાલેન્ડમાં એક જ અઠવાડિયાની અંદર આ બીજી એવી ઘટના છે, જ્યારે આસામ રાઈફલ્સના કાફલા પાસે IED વિસ્ફોટ થયો હોય.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### રાજ્યના ૧૭ જિલ્લાઓમાં 'આપદા મિત્રો'ને અદ્યતન ઈમરજન્સી કીટથી કરાયા સજ્જ

# ગુજરાતમાં આપત્તિ સામે નાગરિકોને મદદરૂપ થવા 'યુવા આપદા મિત્ર સ્કીમ' હેઠળ ૪,૫૨૬ યુવાનો તાલીમબદ્ધ



ગુજરાત સરકાર દ્વારા કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ સામે નાગરિકોની સુરક્ષા વધુ સુનિશ્ચિત કરવા માટે 'આપદા મિત્ર' પ્રોજેક્ટને વધુ વેગ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના National Disaster Management Authority- NDMA દ્વારા વર્ષ ૨૦૧૬માં ભરૂચ જિલ્લાથી માત્ર ૨૦૦ આપદા મિત્રો સાથે શરૂ થયેલી આ યોજના હાલમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વટવૃક્ષ બનીને ગામ-શહેરોમાં આપત્તિ સમયે સેવા આપી રહી છે. હાલમાં કાર્યરત "યુવા આપદા મિત્ર સ્કીમ" અંતર્ગત રાજ્યના ૧૭ જિલ્લાઓ માટે NCC, NSS, MYB, BS&G ના કુલ ૧૧,૮૫૦ સ્વયંસેવકોના લક્ષ્યાંક સામે પ્રથમ તબક્કામાં અત્યાર સુધીમાં ૪,૫૨૬ જેટલા યુવાનોને સફળતાપૂર્વક તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળ આપત્તિ જોખમ વ્યવસ્થાપનમાં મહિલાઓની ભૂમિકા વધારવા માટે તેમની ૫૦ ટકા ભાગીદારીનું વિશેષ લક્ષ્ય રાખવામાં આવ્યું છે તેમ, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. આપદા મિત્ર એ સામાજિક કક્ષાએ શારીરિક અને માનસિક રીતે સક્ષમ એવા ૧૮ થી ૪૦ વર્ષના સ્થાનિક યુવા સ્વયંસેવકોનું જૂથ છે, જેઓ આપત્તિના સમયે ત્વરિત બચાવ કામગીરી કરે છે. અગાઉ "અપ સ્કેલિંગ ઓફ આપદા મિત્ર સ્કીમ" અંતર્ગત ૧૭ જિલ્લાના ૫,૫૦૦ આપદા મિત્રોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ- SDRF મારફત ૧૨ દિવસની તાલીમ અપાઈ હતી. જ્યારે વર્તમાન યોજનામાં પ્રથમ ચરણમાં SDRF અને માસ્ટર ટ્રેનર્સ દ્વારા ૦૭ દિવસની તાલીમ અપાય છે અને બીજા ચરણમાં SPIPA મારફત એડવાન્સ તાલીમનું આયોજન છે. આ ૧૭ જિલ્લાઓમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મોરબી, નર્મદા, નવસારી, પોરબંદર, રાજકોટ, સુરત, તાપી, વડોદરા અને વલસાડ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. બચાવ કામગીરીને વધુ સક્ષમ બનાવવા માટે તાલીમ પામેલા આપદા મિત્રોને રૂ. ૧૦ હજારની કિંમતની Emergency Responder Kit (ERK) આપવામાં આવે છે. જેમાં લાઈફ જેકેટ, સોલાર ટોર્ચ, ફર્સ્ટ એઈડ કીટ, હેલ્મેટ અને ૫૦ મીટર લાંબુ ડિફેન્સ ક્વોલિટી દોરડું જેવી ૧૫ અનિવાર્ય વસ્તુઓ સામેલ છે. આ ઉપરાંત, જિલ્લા કક્ષાએ આપત્તિ સમયે મોટા પાયે ઓપરેશન ચલાવવા માટે રૂ. ૧૯ લાખની કિંમતની 'EERR' કીટ પણ રિઝર્વ રાખવામાં આવે છે.જેમાં અદ્યતન ઈન્ફ્લેટેબલ રેસ્ક્યૂ બોટ, ચેન સો મશીન, સેટેલાઈટ GPS અને વોકી-ટોકી જેવા સાધનો હોય છે.

આપદા મિત્રની તાલીમના નિશ્ચિત માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં તેની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ. આમાં ભૂતપૂર્વ સૈનિક, નિવૃત્ત તબીબી વ્યાવસાયિકો અને સિવિલ એન્જિનિયરો માટે વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવી છે. ઉમેદવાર સંબંધિત જિલ્લાનો રહેવાસી હોવો જોઈએ તેમજ તેને ઓછામાં ઓછું ધોરણ-૭ પાસ કરેલું હોવું જોઈએ.

પ્રોત્સાહનના ભાગરૂપે આ તાલીમ બાદ આપદા મિત્રને પ્રમાણપત્ર, ઓળખપત્ર તેમજ સામાજિક સુરક્ષા માટે ત્રણ વર્ષ સુધી રૂ. ૦૫ લાખનું વિમા કવચ પણ આપવામાં આવે છે.

ભૂતકાળમાં કોવિડ-૧૯ મહામારી અને વર્ષ ૨૦૨૦ના ભારે પૂરમાં ભરૂચ જિલ્લાના આપદા મિત્રોએ વહીવટી તંત્ર સાથે મળીને પ્રશંસનીય જનસેવા કરી હતી.

કોઈપણ આપત્તિ સમયે સામાન્ય નાગરિકો કે તંત્ર જિલ્લા કક્ષાના ડીસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC)નો સંપર્ક કરી આ આપદા મિત્રોની તાત્કાલિક મદદ મેળવી શકે છે. જિલ્લા કક્ષાએ ડીસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC) દ્વારા આપદા મિત્રોની સંપૂર્ણ સંપર્ક સૂચિ નિભાવવામાં આવે છે. કોઈ પણ આપત્તિના સમયે આ કેન્દ્ર દ્વારા આપદા મિત્રોનો સંપર્ક કરીને તાત્કાલિક મદદ લેવામાં આવે છે તેમ, યાદીમાં જણાવાયું છે. - જનક દેસાઈ

### ગિરનાર પર્વત પર યાત્રાળુઓની સુરક્ષા માટે વન વિભાગના ૨૫ ટ્રેકર કાયમી વોચ રાખશે

# ગિરનાર પર વન્યપ્રાણીઓથી યાત્રાળુઓની સુરક્ષા માટે કાયમી ચેકપોસ્ટ બનાવાશેઃ વનમંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા



ગાંધીનગરઃ જૂનાગઢ શહેરમાં આવેલા ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં ગિરનારની નવી સીડી માર્ગ પર અંદાજે ૫૦માં પગથિયા નજીક એક અત્યંત દુઃખદ ઘટના બની હતી. જેમાં ખેડા જિલ્લાના ૧૧ વર્ષીય મયુર ચૌહાણ ઉપર સિંહે હુમલો કર્યો હતો, જેમાં બાળકનું દુર્ભાગ્યે મૃત્યુ થયું છે. આ ઘટનાની ગંભીર નોંધ લઈ રાજ્ય સરકારનાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આજે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રીશ્રી પ્રવિણ માળીની ઉપસ્થિતિમાં વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં ગિરનાર વન્યજીવ અભયારણ્યમાં ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે સંદર્ભે ગહન ચર્ચા કરી કેટલા મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યા હતા. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મીડિયાને વિગતો આપતા જણાવ્યું કે, તાજેતરમાં ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં દુઃખદ ઘટના બની હતી. આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બને એ માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં માર્ગદર્શનમાં વન વિભાગ દ્વારા કેટલાક પગલાઓ લેવાનું નક્કી કર્યું છે. શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં વન્યજીવોની અવરજવર વધુ રહેતા સંવેદનશીલ સ્થળોએ કાયમી ચેક પોસ્ટનું નિર્માણ કરી સતત મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને તમામ સંબંધિત વહીવટી વિભાગો સાથે સંકલન કરી ગિરનાર વિસ્તારમાં યાત્રાળુઓની સુરક્ષા, વન્યજીવ વ્યવસ્થાપન, ઇમરજન્સી પ્રતિસાદ અને આંતરવિભાગીય સંકલન માટે એક સર્વગ્રાહી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) તૈયાર કરી તેનો અમલ કરવામાં આવશે.''.

શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ગિરનાર અને દાતાર સીડી માર્ગને 'સાયલન્સ ઝોન' જાહેર કરવામાં આવશે, જેથી વન્યજીવોને અનાવશ્યક ખલેલ ન પહોંચે અને માનવ-વન્યજીવ સંઘર્ષની શક્યતા ઘટે. વળી, સમગ્ર વિસ્તારમાં વન્યજીવોની હિલચાલ પર સતત નજર રાખવા માટે થર્મલ ડ્રોન સર્વેલન્સ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, ગિરનાર પર્વત પર યાત્રાળુઓની સુરક્ષા માટે વન વિભાગનાં ૨૫ ટ્રેકર કાયમી વોચ રાખશે.

ગિરનાર પર્વત પર આવતા યાત્રાળુઓની સુરક્ષા સંદર્ભે શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, યાત્રાળુઓ અને સ્થાનિક લોકો માટે વન્યજીવ વિસ્તારમાં કેવી રીતે વર્તવું તે અંગે વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે, જેમાં માર્ગદર્શન, સૂચનાઓ અને સુરક્ષા અંગે સતત જાગૃતિ ફેલાવવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર ગિરનાર વન્યજીવ અભયારણ્યમાં યાત્રાળુઓની સુરક્ષા અને વન્યજીવ સંરક્ષણ વચ્ચે સંતુલન જળવાઈ રહે તે માટે તમામ જરૂરી પગલાં લેવા પ્રતિબદ્ધ છે.

# મંડળ રેલ પ્રબંધક દ્વારા ધોળા–પોરબંદર રેલખંડ તથા પોરબંદર સ્ટેશનનું વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ





પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) શ્રી દિનેશ વર્માએ ૧૧ જુલાઈના રોજ ધોળા–પોરબંદર રેલખંડનું વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન રેલખંડમાં સંરક્ષા વ્યવસ્થા, સંરક્ષા સંબંધિત કાર્યોની પ્રગતિ, યાત્રી સુવિધાઓ, ટ્રેક, સિગ્નલ તથા દૂરસંચાર પ્રણાલી સહિત વિવિધ રેલવે સંપત્તિઓનું સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું અને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે નિરીક્ષણ બાદ મંડળ રેલ પ્રબંધકે પોરબંદર રેલવે સ્ટેશનનું પણ વિસ્તૃત નિરીક્ષણ કર્યું. આ દરમિયાન સ્ટેશન પર તાજેતરમાં પૂર્ણ થયેલા યાર્ડ રીમોડેલિંગના કાર્યોનું સૂક્ષ્મ પરીક્ષણ કરવામાં આવ્યું. તેમણે નવી યાર્ડ વ્યવસ્થા, સંચાલન ક્ષમતામાં થયેલા સુધારા, સંરક્ષા ધોરણોના પાલન તેમજ કાર્યની ગુણવત્તાનું અવલોકન કરીને સંબંધિત અધિકારીઓને આ સંપત્તિઓનું અસરકારક જાળવણી તથા સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા માટે સૂચનાઓ આપી.

મંડળ રેલ પ્રબંધકે અમૃત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકસિત પોરબંદર રેલવે સ્ટેશનમાં પૂર્ણ થયેલા વિકાસ કાર્યોની પણ સમીક્ષા કરી. તેમણે યાત્રી સુવિધાઓ, સ્વચ્છતા, સંરક્ષા, સલામતી તથા વિવિધ વિભાગો વચ્ચેના સમન્વય સંબંધિત મુદ્દાઓનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે અધિકારીઓને સૂચના આપી કે યાત્રિયોને સુરક્ષિત, સુગમ અને ગુણવત્તાસભર રેલ સેવાઓ ઉપલબ્ધ કરાવવી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સંરક્ષા સંબંધિત તમામ વિકાસ તથા જાળવણીના કાર્યો નિર્ધારિત ધોરણો મુજબ સમયબદ્ધ રીતે પૂર્ણ કરવામાં આવે તેમજ રેલવે સંપત્તિઓના જાળવણી અને સુરક્ષિત સંચાલનમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવામાં આવે.

આ પ્રસંગે મંડળના વિવિધ શાખા અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

# ચોમાસુ ખેંચાતા વિજ્ઞાન જાથા મેદાનેઃ જયંત પંડયાએ કહ્યુ જુલાઈના વરતારા ખોટાઃખેડુતોને કરોડોનુ નુકશાનઃ હવે કડક કાર્યવાહીની આગાહીકારોને ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયમાં ચોમાસુ ખેંચાતા વિજ્ઞાન જાથા હવે લડી લેવાના મુડમાં હોય તેવુ લાગી રહ્યુ છે. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડયાએ આગાહીકારો સામે લાલ આંખ કરી છે. જુલાઈ સુધીના તમામ વરસાદી વરતારા ખોટા સાબિત થતા પંડયાએ કડક વલણ અપનાવ્યુ છે. તેમણે ખોટી આગાહી કરનાર સામે કાનુની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી છે. કરોડો રૂપીયાના બિયારણના નુકશાન બદલ આગાહીકારોની જવાબદારી નકકી કરી ખેડુતોને વળતર ચુકવવાની માંગ કરવામાં આવી છે. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડયાએ સ્પષ્ટપણે જણાવ્યુ છે કે જુલાઈ મહિના સુધીમાં જે રીતે સમગ્ર રાજયમાં વરસાદ અને વાવણીની મોટી આગાહીઓ કરવામાં આવી હતી, તે તમામ તદ્દન ખોટી સાબિત થઈ છે. તેમણે વધુમાં કહ્યુ કે વરસાદની આગાહીના નામે ખેડુતોને ગેરમાર્ગે દોરવામાં આવે છે. વૈજ્ઞાનિક આધાર વિના માત્ર ધારણાઓ અને અનુમાનના આધારે આગાહી કરનારાઓના કારણે ખેડુતોએ બિયારણ પાછળ ખર્ચ કર્યો અને હવે તેમને મોટુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. જયંત પંડયાએ વધુમાં ભારપૂર્વક જણાવ્યુ છે કે વરસાદની આગાહી કરવી એ કોઈ રમત નથી, આગાહી કરનારાઓની જવાબદારી નકકી થવી જોઈએ અને તેમને પણ કાયદાકીય દાયરામાં લાવવા જોઈએ. વિજ્ઞાન જાથા હવે તમામ વ્યકિતઓ વિરૂધ્ધ કડક કાનુની કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યુ છે અને તેમને જેલ ભેગા કરવાની પણ રજુઆત કરવામાં આવી છે. રાજયના ખેડુતોને પાયમાલ કરનાર આગાહીકારો સામે સરકાર પગલા ભરે તે અત્યંત જરૂરી છે. વિજ્ઞાન જાથાએ સ્પષ્ટ કહ્યુ છે કે આગાહીકારો પાસે વિજ્ઞાનના કોઈ ઉપકરણો હોતા નથી. માત્ર લોકોના ભાવનાત્મક વિશ્વાસનો ફાયદો ઉઠાવી તેમને મુર્ખ બનાવવામાં આવે છે. તેથી હવે લોકોએ પણ આવા ખોટા વરતારા પર વિશ્વાસ ન રાખવો જોઈએ અને માત્ર હવામાન વિભાગની સત્તાવાર માહિતી પર જ ભરોસો રાખવો જોઈએ. ચોમાસાની આ અનિશ્ચિતતા વચ્ચે વિજ્ઞાન જાથાનો આ નિર્ણય રાજયમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# પિતાના ત્રાસથી કંટાળી ધોરણ-૧૨ની વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મેઘાણીનગર વિસ્તારમાં કળિયુગી પિતાના અસહ્ય ત્રાસ અને મેણાં-ટોણાથી કંટાળીને ૧૬ વર્ષની સગીરાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. અમર જ્યોત સ્કૂલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી હીરલ પરમાર નામની સગીરાને તેના જ પિતા હર્ષદ પરમારે "તું કેમ મારા ઘરમાં રહે છે, તું મરી જા" કહીને માનસિક ત્રાસ આપ્યો હતો ત્યારબાદ પિતા રિક્ષા લઈ નિકળી ગયા હતા. પિતાના આ અસહ્ય વર્તનથી આઘાતમાં સરી પડેલી દીકરીએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી છે. આ મામલે સગીરાની ૬૦ વર્ષીય દાદી કમળાબેને પોતાના જ નરાધમ દીકરા વિરુદ્ધ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. મેઘાણીનગર ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા હર્ષદ ત્રિભોવનભાઈ પરમાર રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. હર્ષદ અવારનવાર નાની-નાની વાતોમાં પત્ની અને બાળકો સાથે ઝઘડો કરી મારઝૂડ કરતો હતો. પિતાના આ રોજબરોજના ત્રાસ અને હેરાનગતિથી કંટાળીને તેની પત્ની રતનબેન છેલ્લા એક મહિનાથી રિસાઈને અમરાઈવાડી ખાતે પોતાના પિયર ચાલી ગઈ હતી. ઘરમાં ત્રણ બાળકો તેમની દાદી કમળાબેન સાથે રહેતા હતા, જેમાં હીરલ સૌથી મોટી દીકરી હતી. ૧૧ જુલાઈના રોજ સવારે આશરે સાડા પાંચ વાગ્યે પરિવારના સભ્યો જાગ્યા ત્યારે હીરલ ઘરનું કામકાજ કરી રહી હતી.

# માંજલપુર વિધાનસભા પેટા ચુંટણી : કોંગ્રેસે વરીષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી ભીખાભાઈ રબારીને આપી ટીકીટ

### લાંબા રાજકીય અનુભવ ધરાવતા ભીખાભાઈ રબારીને મળી જવાબદારીઃ પેટા ચુંટણીમાં કોંગ્રેસ તમામ તાકાત સાથે મેદાનમાં ઉતરશે

પ્રતિનિધિ,ગાંધીનગર



વડોદરાની ૧૪૫ માંજલપુર વિધાનસભા પેટા ચુંટણીને લઈને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે પોતાના ઉમેદવારની સત્તાવાર જાહેરાત કરી છે. કોંગ્રેસ હાઈકમાન્ડે પૂર્વ મંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને પક્ષના વરીષ્ઠ આગેવાન ભીખાભાઈ રબારીને માંજલપુર બેઠક પરથી ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. ઉમેદવારીની જાહેરાત બાદ સ્થાનિક કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ભીખાભાઈ રબારી ગુજરાત કોંગ્રેસના અનુભવી નેતા તરીકે ઓળખાય છે. તેઓ અગાઉ રાજય સરકારમાં મંત્રી તરીકે જવાબદારી સંભાળી ચુકયા છે અને હાલમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે સંગઠનમાં મહત્વની ભુમિકા ભજવી રહ્યા છે. તેમના લાંબા રાજકીય અનુભવ અને સંગઠનાત્મક કામગીરીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે તેમને આ મહત્વપૂર્ણ પેટા ચુંટણીમાં મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. માંજલપુર બેઠકની પેટા ચુંટણીને કોંગ્રેસ પ્રતિષ્ઠાની લડાઈ તરીકે જોઈ રહી છે. ઉમેદવારની જાહેરાત બાદ હવે પક્ષ દ્વારા પ્રચાર અભિયાનને વધુ વેગ આપવામાં આવશે, કોંગ્રેસના સ્થાનિક તેમજ રાજયસ્તરના આગેવાનો ચુંટણી પ્રચારમાં જોડાશે અને મતદારો સુધી પક્ષના મુદ્દાઓ પહોચાડવાનો પ્રયાસ કરશે. માંજલપુર બેઠક પર કોંગ્રેસે અનુભવી ચહેરાને ઉમેદવાર બનાવતા ચુંટણી મુકાબલો વધુ રસપ્રદ બનવાની શકયતા છે. હવે ભાજપના ઉમેદવાર સામે ભીખાભાઈ રબારી કેવી ચુંટણી રણનીતી અપનાવે છે એના પર સૌની નજર રહેશે. આગામી દિવસોમાં બંને પક્ષો દ્વારા પ્રચાર વધુ તેજ બનવાની સંભાવના છે.

ભીખાભાઈ રબારી ગુજરાત કોંગ્રેસના અનુભવી અને સંગઠન સાથે લાંબા સમયથી જોડાયેલા નેતા છે. તેઓ અગાઉ રાજય સરકારમાં મંત્રી તરીકે પણ જવાબદારી સંભાળી ચુકયા છે. તેમજ હાલમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે સંગઠનાત્મક કામગીરીમાં સક્રિય છે. પાર્ટીનુ માનવુ છે કે તેમનો લાંબો રાજકીય અનુભવ, જનસંપર્ક અને સંગઠન પરની મજબુત પકકડ માંજલપુર બેઠક પર કોંગ્રેસને મજબુતી આપશે. કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે માંજલપુર પેટા ચુંટણીમાં સ્થાનિક વિકાસ, નાગરીક સુવિધાઓ, રોજગાર, મોંઘવારી અને જનહિતના પ્રશ્નોને મુખ્ય એજન્ડા બનાવવામાં આવશે. પાર્ટીના આગેવાનો આગામી દિવસોમાં વિસ્તારભરમાં જનસંપર્ક અભિયાન શરૂ કરીને મતદારો સુધી પોતાની નીતીઓ અને વચનો પહોચાડશે. ઉમેદવારી જાહેર થયા બાદ કોંગ્રેસના કાર્યકરોમાં પણ નવા ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

### પાસપોર્ટ અને લેટર પરત આવતા મહિલા આરોપીનો ભાંડો ફુટ્યો

# વિઝા કન્સલ્ટન્ટે વર્ક પરમીટના બહાને રૂ.૩૨.૫૦ લાખની છેતરપિંડી આચરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવવાના બહાને મહિલા સાથે રૂ. ૩૨.૫૦ લાખની છેતરપિંડી થઈ હોવા અંગે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. થલતેજમાં આવેલી ગ્રોઈંગ ગ્લોબ ઈમિગ્રેશનની મહિલા વિઝા કન્સલ્ટન્ટે વર્ક પરમીટ અપાવવાના બહાને અલગ અલગ ફી અને પ્રોસેસિંગ ફીના બહાને કુલ રૂ. ૩૨.૫૦ લાખ સેરવી લીધા હતા. જોકે, કેનેડાના વિઝા માટે કોઈ અરજી ન થઈ હોવાનો લેટર આવતા મહિલા આરોપીનો ભાંડો ફુટ્યો હતો. જેથી ભોગ બનનારે કન્સલ્ટન્ટ પાસે પૈસા પરત માગતા તેણે નાણાં પરત ન આપીને છેતરપિંડી આચરતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૂળ કડીના ઘુમાસણ ગામના ૫૦ વર્ષીય વર્ષાબેન પટેલ ઘાટલોડિયામાં રહે છે. વર્ષાબેનના પતિ વીસેક વર્ષથી અમેરિકામાં રહે છે. વર્ષાબેનની પુત્રી બીએસસી નર્સિંગનો અભ્યાસ કર્યા બાદ વર્ક પરમિટ પર કેનેડા જવા માગતી હતી. વર્ષાબેન જે મંદિરે દર્શન કરવા જતા હતા ત્યાં તેમના એક સંબંધીએ થલતેજમાં આવેલા શક્તિ એક્સટોલ ખાતે જીનલ પંચાલ અને આકાશ પંચાલની વર્ક પરમીટ અને વિઝા આપવાની ઓફિસ આવી હોવાનું જણાવ્યું હતું. જેથી વર્ષ ૨૦૨૩માં વર્ષાબેન તેમની દીકરીને લઈને આ ઓફિસે ગયા હતા. જ્યાં દીકરીને કેનેડા વર્ક વિઝા પર મોકલવાની વાતચીત કર્યા બાદ ૩૭ લાખ ખર્ચ જણાવ્યો હતો. વર્ષાબેને ફાઈલ માટે જરૂરી ડોક્યુમેન્ટ પણ આપ્યા હતા અને ત્યારબાદ જીનલે વિઝાની પ્રોસેસ ચાલુ કરી હતી. થોડા દિવસો બાદ જીનલ પંચાલે ફોન કરીને આવી ગયાનું કહીને ૧૨.૫૦ લાખ માગતા વર્ષાબેને ચુકવી દીધા હતા. આશરે છ માસ બાદ વિઝા ન આવતા વર્ષાબેને ફોન કરતા જીનલ પંચાલે ગલ્લા તલ્લા કર્યા હતા. જે બાદ વિઝા થઈ ગયા હોવાનું કહીને વીડિયો મોકલીને વિશ્વાસ કેળવ્યો હતો. જે બાદ જીનલ પંચાલે મોંઘવારી વધી ગઈ હોવાથી ફીમાં વધારો થયો હોવાનું કહીને ૩૯ લાખની માગણી કરતા વર્ષાબેને વધુ છ લાખ ચુકવ્યા હતા. જીનલ પંચાલે પીપીઆર લેટર આવી ગયો છે તેમ કહીને પાસપોર્ટ જમા કરાવડાવ્યો હતો. આશરે દોઢ મહિના બાદ દીકરીનો પાસપોર્ટ અને એક લેટર આવ્યો હતો, લેટરમાં જણાવ્યું હતું કે તમારી કેનેડા ખાતેની વર્ક વિઝા માટેની અરજી થઈ નથી. જેથી વર્ષાબેને આ મામલે જીનલબેન સાથે વાત કરતા તેણે તમારા સિવાયના બીજા લોકોને પણ આ પ્રોબ્લેમ થયો છે અને પાસપોર્ટ પ્રિન્ટ થયા વગર આવ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી બીજી તારીખ આવે ત્યારે જમા કરાવીશું તેમ કહીને જીનલ પંચાલે અલગ-અલગ બહાના કર્યા હતા. જેથી વર્ષાબેને પૈસા પરત માગતા જીનલ પંચાલે ચેક આપ્યા હતા અને તે ચેક રિટર્ન થયા હતા. આમ, ગ્રોઈંગ ગ્લોબ ઈમિગ્રેશનના વિઝા કન્સલ્ટન્ટ જીનલ પંચાલે કુલ રૂ. ૩૨.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરતા વર્ષાબેને તેની સામે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.


**પશ્ચિમ રેલ્વે**

**પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ કાર્યો**

Sr. DSTE/North/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, ઈ-ટેન્ડર નંબર: SG_216_2_165_WA_N તારીખ: 07-07-2026. કાર્ય અને સ્થાન: મુંબઈ ડિવિઝન પશ્ચિમ રેલ્વેના વિરાર-સુરત વિભાગમાં ફરજ પરના સ્ટેશન માસ્ટર દ્વારા ઓટોહટ અને OCsમાં MSDACs ના કેન્દ્રીયકૃત રીસેટિંગની જોગવાઈના સંદર્ભમાં FN Mux ની સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમત: ₹5,52,30,310.43/- EMD: ₹ 11,04,600/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ કરવાની તારીખ અને સમય: તા. 30.07.2026 ના 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 30.07.2026 ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઇટ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે.

0353

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે**

**MSDACS ના કેન્દ્રિયકૃત રીસેટિંગની જોગવાઈ**

Sr. DSTE/North/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, ઈ-ટેન્ડર નંબર: SG_217_2_317_WA તારીખ: 08/07/2026. કાર્ય અને સ્થાન:ચર્ચગેટ-વિરારઃ મુંબઈ ડિવિઝન પશ્ચિમ રેલ્વેમાં ફરજ પરના સ્ટેશન માસ્ટર દ્વારા ઓટો હટ્સ અને Ocsમાં MSDACs ના કેન્દ્રિયકૃત રીસેટિંગની જોગવાઈ. કામનો અંદાજિત ખર્ચ:₹ 2,92,08,484.79/- EMD: ₹ 5,84,200/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ કરવાની તારીખ અને સમય: તા. 31.07.2026 ના 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 31.07.2026 ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઈ શકાય છે.

0356

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# આંધ્રનાં કડપ્પામાં કોરોનાનાં આઠ એક્ટિવ કેસો : બે લોકોનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

આંધ્ર પ્રદેશનાં કડપ્પા જિલ્લામાં કોવિડ-૧૯નાં કેસો ફરીથી સામે આવ્યા છે.

બે દર્દીઓનાં મોત પછી આરોગ્ય વિભાગનાં અધિકારીઓએ તૈયારીઓ ઝડપી બનાવી દીધી છે. રાજમપેટનાં એક ૫૨ વર્ષીય વ્યકિતનું મોત વેલ્લોર ક્રિશ્ચિયન મેડીકલ કોલેજ (સીએમસી)માં સારવાર દરમિયાન થયું હતું. તાવ અને ખાંસી પછી તેમનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો.

બીજા કેસમાં કડપા શહેરની ૪૩ વર્ષની વ્યકિતને સ્વાસ્થ્ય સંબધી તકલીફોને કારણે સરકારી જનરલ હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા હતાં. તેમનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો અને ત્યારબાદ કાવિડ ઈન્ટેન્સિવ કેર યુનિટમાં તેમનું મોત થયું હતું.કડપ્પા મેડિકલ કોલેજનાં ૨૫ વર્ષીય મેડિકલ વિદ્યાર્થીનો પણ કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીની હોમ આઈસોલેશનમાં સારવાર ચાલી રહી છે.

કોવિડનાં નવા કેસો સામે આવ્યા પછી આરોગ્ય વિભાગે કડપ્પામાં વિશેષ રેપિડ રિસ્પોન્સ ટીમ તૈનાત કરી છે. અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ૪૦ સેમ્પલ લીધા છે. તે પૈકી ૧૮ સેમ્પલ નેગેટિવ આવ્યા છે અને બાકીનાં રિપોર્ટ આવવાના બાકી છે. જિલ્લા આરોગ્ય અધિકારીઓએ તાજેતરમાં જિલ્લા પરિષદની બેઠકમાં જણાવ્યું હતું કે જિલ્લામાં હાલમાં કોવિડનાં આઠ એક્ટિવ કેસો છે. વાયરસનાં વેરિએન્ટની તપાસ કરવા અને તેના ફેલાવવાની રીતને સમજવા માટે સેમ્પલ પૂર્ણેની એક લેબમાં મોકલવામાં આવ્યા છે.

# ચૂંટણી પંચનો નવો નિયમઃ- ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ડિકલેરેશન સબમિટ કર્યા વગર પ્રોસેસ આગળ નહીં વધે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ચૂંટણી પંચ (Election Commission) ધ્વારા મતદાર યાદીમાં નામ નોંધાવવા માંગતા નવા અરજદારો માટે એક મહત્વપૂર્ણ નિર્દેશ જાહેર કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચના અધિકારીઓના જણાવ્યા અનુસાર હવેથી મતદાર યાદીમાં નામ સામેલ કરવા માટે ફોર્મ-૬ (FORM-6) સબમિટ કરવાની સાથે જ અરજદારોએ તેમના માતા-પિતાની "સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન" (એટલેકે SIR) ની વિગતો આપવી ફરજિયાત રહેશે. અહી રસપ્રદ વાત એ છે કે, આ નવી જોગવાઈ માટે મુખ્ય કાયદાકીય ફોર્મ-૬ માં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. પરંતુ વહીવટી સૂચનાઓ ધ્વારા જ આ ડિકલેરેશન જોડવામાં આવ્યું છે. ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા જણાવ્યુ છે કે, જો કોઈ વ્યક્તિ ઓનલાઈન પોર્ટલ પર જઈને ફોર્મ-૬ ભરે છે, તો જ્યાં સુધી તે આ નવી ડિકલેરેશન કોલમમાં માતા-પિતાની SIR વિગતો નહીં ભરે ત્યાં સુધી સિસ્ટમમાં એપ્લીકેશન પ્રક્રિયા આગળ વધશે નહીં. જ્યારે પશ્ચિમ બંગાળના નંદીગ્રામ સહિતના વિસ્તારોમાં લઘુમતી મતો મોટા પાયે કાઢી નાંખવામાં આવ્યા હોવાના આક્ષેપો અંગે પ્રતિક્રિયા આપતા ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યુ હતું કે, આ આક્ષેપો પાયાવિહોણા છે. મતદારયાદીમાંથી નામ બાકાત રાખવા સામે પડકાર ફેંકવા માટે તમામ મતદારોને પૂરતી તકો આપવામાં આવી હતી. અને આ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારનો પક્ષપાત રાખવામાં આવ્યો નથી. એટલું જ નહીં હવે આ નવા નિયમથી પ્રથમ વખતના યુવા મતદારો માટે માતા-પિતાના જૂના ચૂંટણી રેકોર્ડ શોધવાની કસરત વધશે એ નક્કી છે.

## ટ્રેનમાં બારી પાસે બેઠેલા લોકોનો

# મોબાઈલ ખેંચવા બારીમાં હાથ નાંખનારને અંદર બેઠેલા પેસેન્જરોએ પકડી ૯ કિલોમીટર બહાર લટકાવી રાખ્યો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

બિહારના એક સ્ટેશન પર બારીમાંથી મોબાઈલ ખૂંચવી લેવાની ચાલાકી કરવાનું એક ચોરને ભારે પડી ગયું હતું. ટ્રેન જસ્ટ શરૂ થવાની હતી ત્યારે જ એક મોબાઈલ ચોરે બારીમાં હાથ નાંખ્યો હતો. પરંતુ બારી પાસે બેઠેલા પેસેન્જરોએ સતર્કતા દાખવીને પેલાનો હાથ મોબાઈલ સુધી પહોંચ્યો એવો તરત જ પકડી લીધો હતો. બારીની બહાર ચોર હતો અને અંદરથી પેસેન્જરોએ તેનો હાથ પકડી લીધો અને એ જ સમયે ટ્રેન ચાલુ થઈ ગઈ હતી.



આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે જેમાં યુવક બારીની બહાર લટકી રહ્યો છે. તે વિનવણી કરે છે કે મારો હાથ પ્લીઝ છોડી દો, પણ પેસેન્જરો ટસના મસ નથી થતાં. ખગડિયા સ્ટેશન પરની આ ઘટનામાં કહેવાઈ રહ્યું છે કે લોકોએ આ ચોરને લગભગ આઠ થી ૯ કિલોમીટર સુધી ટ્રેન સાથે લટકાવીને ખેંચ્યો હતો.

અંદરથી પેસેન્જરોએ તેનો વિડીયો પણ બનાવ્યો અને એમાં તેનું નામ અને સરનામું પૂછ્યું હતું. ચોરે પોતાનું નામ છોટુ યાદવ અને પિતાનું નામ પંકજ યાદવ જણાવ્યુ હતું. તે લખમિનિયા ગામનો હતો. તેણે પોતાના બચાવમાં કહ્યું હતુ કે તે તો પોતાના કોઈ સબંધીને શોધી રહ્યો હતો. નજીકના બીજા સ્ટેશને પહોંચ્યા ત્યાં સુધી પેસેન્જરોએ તેનો હાથ પકડી રાખ્યો હતો. આ ઘટના ૯ જુલાઈની રાતની છે. એ પછી ચોરને પોલીસના હવાલે કરી દેવામાં આવ્યો હતો.

# ઈડર તાલુકાના વસાઈ ગામે પ્રેમી પંખીડા ઘરેથી ભાગતા યુવતિના પરીવાર જનો એ ઘરમાં ઘુસી મચાવી ધમાલઃ અંતે યુવકની માતાએ જીવન ટુંકાવ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના વસાઈ ગામમાં પ્રેમ સંબંધને લઈને શરૂ થયેલો વિવાદ કરૂણ ઘટનામાં પરીણમ્યો છે. એક જ સમાજના યુવક અને યુવતિ ઘરેથી ભાગી જતા બંને પરીવારો વચ્ચે તણાવ સર્જાયો હતો. આ દરમિયાન યુવતિના પરીવારજનો દ્વારા યુવકના ઘરે તોડફોડ અને મારામારી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. સતત માનસિક દબાણ વચ્ચે યુવકની માતાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ તાલુકાના વસાઈ ગામના રહેવાસી મયુર જગદીશ પરમાર ના મોટાભાઈનો બાજુના મુડેટી ગામની યુવતિ સાથે પ્રેમ સંબંધ હતો અને બંને ઘરેથી ફરાર થઈ ગયા હતા.





આ ઘટનાથી રોષે ભરાયેલા યુવતિના પરીવારજનો વસાઈ ગામે પહોચ્યા હતા અને યુવકના ઘરે તોડફોડ તેમજ મારામારી કરી હતી. આ મામલે યુવકના પરીવારે ઈડર પોલીસ મથકે ૨૧ લોકો વિરૂધ્ધ રાયોટીંગ અને હુમલાની ફરીયાદ નોંધાવી છે. પોલીસે અત્યાર સુધીમાં ૯ આરોપીઓની ધરપકડ કરી છે. તો બીજી તરફ યુવતિના સંબંધિ યુવરાજ પ્રવિણ પરમાર સામે યુવકની માતાને વારંવાર ફોન કરી માનસિક ત્રાસ આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ માનસિક દબાણના કારણે આઘાતમાં આવેલા યુવકની માતાએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મહિલાના મોતના મામલે ઈડર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ દુષ્પ્રેરણાનો ગુન્હો નોધ્યો છે અને આરોપીની ધરપકડ કરી છે. હાલ પોલીસ મથકે આ સમગ્ર ઘટનામાં અલગ અલગ બે ફરીયાદો નોંધાઈ છે. એક ફરીયાદમાં ૨૧ લોકો વિરૂધ્ધ રાયોટીંગ અને હુમલાનો ગુન્હો નોંધાયો છે. તો બીજી તરફ બીજી ફરીયાદમાં એક વ્યકિત વિરૂધ્ધ આપઘાત માટે દુષ્પ્રેરણાનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પ્રેમ સંબંધથી શરૂ થયેલા આ વિવાદે એક મહિલાનો જીવ લીધો છે. હાલ ઈડર પોલીસે ફરાર યુવક યુવતીની શોધખોળ માટે સર્વેલન્સ સહિતની વિવિધ ટીમોની મદદથી વધુ તપાસ ચલાવી રહી છે.

# વિદ્યાર્થી વાહન લઈને શાળાએ આવે તો વાલીની લેખિત અરજી અને ડ્રાઈવિંગ લાયસન્સની નકલ જમા કરાવવી પડશેઃ રાજય શાળા સંચાલક મહામંડળ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં દિવસે દિવસે સગીર વયના વિદ્યાર્થીઓ દ્વારા થતા વાહનના ગંભીર અકસ્માતોને લઈને રાજય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટ દ્વારા ગુજરાતની તમામ ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓના સંચાલકોને એક અપીલ કરવામાં આવી છે.

જો કોઈ વિદ્યાર્થી વાહન લઈને શાળાએ આવે તો તેની પાસેથી વાલીની લેખિત અરજી અને ડ્રાઈવિંગ લાયસન્સ ની નકલ મેળવીને શાળાના દફતરે (રેકર્ડ ઉપર ) રાખવી જોઈએ. રાજયમાં રોડ રસ્તાઓ પર સતત વધતો જતો વાહન વ્યવહાર અને સગીર વયના વિદ્યાર્થીઓ દ્વારા થતા ગંભીર અકસ્માતો તેમજ મોતના દુઃખદ કિસ્સાઓને ધ્યાનમાં રાખીને



રાજય શાળા સંચાલક મહામંડળે વિદ્યાર્થીઓના જીવ બચાવવા માટે કડક બનવા વિનંતી કરી છે. આરટીઓના નિયમો અનુસાર સગીર વયના અને ડ્રાઈવિંગ લાયસન્સ ન ધરાવતા વિદ્યાર્થીઓ શાળામાં ટુ વ્હીલર લઈને આવે તેના પર પ્રતિબંધ મુકવાની શાળા સંચાલકોની ફરજ બને છે. આ સુરક્ષા પગલાના ભાગરૂપે મહામંડળના પ્રમુખ ભાસ્કર પટેલે સુચન કર્યુ છે કે જો કોઈ વિદ્યાર્થી વાહન લઈને શાળાએ આવે તો તેની પાસેથી વાલીની લેખિત અરજી અને ડ્રાઈવિંગ લાયસન્સ ની નકલ મેળવીને શાળાના દફતરે (રેકર્ડ ઉપર) રાખવી જોઈએ. આવા નિયમબધ્ધ વિદ્યાર્થીઓને શાળા શરૂ થવાના અને છુટવાના સમયની નોધ સાથે જ મંજુરી આપી શકાય,

શિક્ષણની સાથે શિસ્ત અને સંસ્કાર આપણી સંસ્થાઓ તેમજ સમાજ કોઈ મુશ્કેલીમાં ન મુકાય તે માટે આજથી જ આ બાબતે આકરા પગલા લેવા રાજયની તમામ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળા સંચાલકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# વરસાદ બાદ અંબાલાલ પણ રૂઠયા : હવામાન આગાહી બંધ કરવાની અંબાલાલ કાકાએ કરી જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ચોમાસાની અનિશ્ચિત સ્થિતિ વચ્ચે વરસાદની આગાહીઓને લઈને નવો વિવાદ ઉભો થયો છે. વિજ્ઞાન જાથાના પ્રમુખ જયંત પંડયાએ વરસાદનો વરતારો કરનારાઓ સામે કડક વલણ આપનાવતા ખોટી આગાહીઓ કરનારાઓ સામે કાનુની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

તો બીજી તરફ આ નિવેદન બાદ જાણીતા હવામાન આગાહીકાર અંબાલાલ પટેલે હવામાન અંગેની આગાહીઓ બંધ કરવાની જાહેરાત કરતા સમગ્ર રાજયમાં ચર્ચાનો વિષય બન્યો છે. જયંત પંડયાએ આક્ષેપ કર્યો છે કે વરસાદ અંગે વૈજ્ઞાનિક આધાર વગર કરવામાં આવતી આગાહીઓના કારણે ખેડુતોને સીધુ આર્થિક નુકશાન થઈ રહ્યુ છે. તો બીજી તરફ અંબાલાલ પટેલે જણાવ્યુ છે કે તેઓ વરસોથી ખેડુતોના હિતમાં નિઃસ્વાર્થ રીતે આગાહી કરતા આવ્યા છે અને જો તેમની આગાહીને કારણે વિવાદ



સર્જાતો હોય તો તેઓ હવે આગાહી કરવાનુ બંધ કરશે. વિજ્ઞાન જાથાના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યુ હતુ કે રાજયના આશરે ૬૦ તાલુકાઓમાં હજુ પણ પુરતો વરસાદ થયો નથી. જયારે વિવિધ આગાહીકારોએ અગાઉ ભારે વરસાદની આગાહી કરી હતી. તેમના જણાવ્યા મુજબ આ આગાહીઓ વાસ્તવિક પરિસ્થિતિ સાથે મેળ ખાતી નથી. તેમણે દાવો કર્યો કે કેટલાક લોકો પાસે હવામાનની આગાહી કરવા માટે કોઈ વૈજ્ઞાનિક સાધન કે પ્રમાણભુત પધ્ધતિ નથી. આગાહી ખોટી પડે ત્યારે તેઓ તારીખો બદલીને નવી આગાહી જાહેર કરે છે. જેના કારણે સામાન્ય લોકો અને ખાસ કરીને ખેડુતોમાં ગેરસમજ ફેલાય છે.

જયંત પંડયાના નિવેદન બાદ જાણીતા હવામાન આગાહીકાર અંબાલાલ પટેલે મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે તેઓ હવે હવામાન અંગેની આગાહીઓ કરવાનુ બંધ કરશે. અંબાલાલ પટેલે વધુમાં જણાવ્યુ કે તેઓ કોઈ સરકારી કે ખાનગી સંસ્થા સાથે જોડાયેલા નથી અને વરસોથી માત્ર ખેડુતો અને સામાન્ય લોકોના હિતમાં પોતાના અનુભવના આધારે હવામાન અંગે માહિતી આપતા આવ્યા છે. તેમણે વધુમાં કહ્યુ કે જો તેમની આગાહીને કારણે વિવાદ ઉભો થતો હોય અથવા કોઈને મુશ્કેલી સર્જાતી હોય તો તેઓ આવી આગાહીઓ કરવાનુ યોગ્ય માનતા નથી. તેથી તેઓ હવામાન અંગે જાહેર આગાહીઓ બંધ કરવાનો નિર્ણય લઈ રહ્યા છે. અંબાલાલ પટેલે ખેડુતોની હાલની સ્થિતિ અંગે ચિંતા વ્યકત કરતા સરકાર સમક્ષ યોગ્ય સહાય અને રાહતના પગલા લેવા પણ અપીલ કરી છે. તેમણે જણાવ્યુ છે કે વરસાદની અનિશ્ચિત પરિસ્થિતિને કારણે ખેડુતો મુશ્કેલીમાં છે અને તેમને સમયસર સહાય મળવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે ખેડુતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા મળવી જોઈએ અને ખેતીને અસર કરતી પરિસ્થિતિમાં સરકાર દ્વારા જરૂરી રાહતની જાહેરાત થવી જોઈએ.

# ભરૂચમાં કલાસ-૧ અધિકારીનો ફાંસો ખાઈ આપઘાતઃ સ્યુસાઈડ નોટમાં કારણ આવ્યું બહારઃ મુળ અમરેલીના વતની હોવાનુ આવ્યું બહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી રામેશ્વર પાર્ક સોસાયટીમાં કલાસ-૧ અધિકારીએ આર્થિક બોજ અને માનસિક તણાવ સામે ઝઝુમતા અંતે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. આથી તેમના પરીવારજનો અને સરકારી સહકર્મચારીઓમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ આપઘાત કરનાર અધિકારી પીયુષ ઉકાણી આશરે એક મહિના અગાઉ જ બદલી થઈને ભરૂચ આવ્યા હતા. તેઓ ભરૂચ આયોજન વિભાગમાં કલાસ-૧ અધિકારી તરીકે ફરજ પર હાજર થયા હતા. ભરૂચમાં નોકરી દરમિયાન તેઓ ઝાડેશ્વર ની રામેશ્વર પાર્ક સોસાયટીમાં આવેલા ભાડાના એ-૧૨ નંબરના મકાનમાં રહેતા હતા. આજે સોમવારે સવારે જયારે તેઓ ઘરે એકલા હતા, ત્યારે તેમનો લટકતો મૃતદેહ મળી આવતા સમગ્ર સોસાયટી અને આસપાસના



વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટના અંગે મકાન માલીક દ્વારા તાત્કાલીક ભરૂચ સી ડીવીજન પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસને ઘટનાસ્થળે થી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ સ્યુસાઈડ નોટ માં તેઓએ આર્થિક સંકટ, બેંક લોન અને ક્રેડિટ કાર્ડના સતત વધી રહેલા દેવાના બોજ નો ઉલ્લેખ કર્યો છે. આ આર્થિક ભીંસ ના કારણે તેઓ છેલ્લા કેટલાક સમયથી ભારે માનસિક તણાવ અનુભવી રહ્યા હોવાનુ પણ બહાર આવ્યુ છે. સી ડીવીજન પોલીસ મથકના પીઆઈએ આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યુ હતુ કે આપઘાત કરનાર કલાસ-૧ અધિકારી મુળ અમરેલી જિલ્લાના વતની હતા. તેઓ ભરૂચમાં ભાડાના મકાનમાં એકલા જ રહેતા હતા. જયારે તેમના પત્ની સુરત ખાતે રહે છે, ઘટના બની તે સમયે તેમના પત્ની કોઈ કારણોસર સુરત ગયા હોવાથી અધિકારી ઘરે સંપુર્ણપણે એકલા હતા. આ જ સમયગાળા દરમિયાન તેઓએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાનુ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે. પોલીસે ઘટનાસ્થળે પંચનામુ અને જરૂરી કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ભરૂચ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. આ સાથે જ અમરેલી અને સુરત ખાતે રહેતા તેમના પરીવારજનોને આ કમનસીબ ઘટનાની સત્તાવાર જાણ કરવામાં આવી હતી. યુવાવયે સરકારી સેવાઓમાં ઉચ્ચ હોદ્દા પર પહોચેલા અધિકારીના આવા આકસ્મિક પગલાથી વહિવટી તંત્રના અધિકારીઓ પણ સ્તબ્ધ બની ગયા છે. હાલમાં સી ડીવીજન પોલીસે અકસ્માત મોતનો ગુન્હો નોંધી સમગ્ર મામલે ઉંડાણપૂર્વક વધુ તપાસ શરૂ કરી છે.

# પૂર્વ કલેકટરને વીજ થાંભલે બાંધી દેવાની ચીમકી આપનારા રાકેશ અમૃતીયાની મુશ્કેલીઓ વધી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના મંત્રી કાંતી અમૃતીયાના સગાભાઈ રાકેશ અમૃતીયા માટે મુશ્કેલીઓ વધી ગઈ છે. અત્રે જણાવવાનુ કે રાકેશ અમૃતીયા ખેડુત આંદોલનમાં જોડાયા હતા અને પૂર્વ કલેકટરને વીજ થાંભલે બાંધવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. રાકેશ અમૃતીયાના સ્ટોન ક્રશર પર ખાણ અને ખનીજ વિભાગે દરોડા પાડયા છે. કાંતી અમૃતીયાના ભાઈએ મોરબીના જેતપર ગામે વીજ લાઈન નાંખતી કંપની સામે ખેડુતોના આંદોલનને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો.

તેમણે એવુ પણ કહ્યુ હતુ કે યોગ્ય વળતર નહી મળે ત્યાં સુધી લડત ચાલુ જ રહેશે. રાજય મંત્રી કાંતી




અમૃતીયાના ભાઈ રાકેશ અમૃતીયાના સ્ટોન ક્રશર પ્લાન્ટ પર દરોડા પડયા છે. ખાણ ખનીજ વિભાગ અને પીજીવીસીએલની સંયુકત ટીમો દ્વારા રાકેશ અમૃતીયાના આ પ્લાન્ટ પર અચાનક દરોડો પડયો હતો. જેના પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે. રવિવારે આ કાર્યવાહીના પગલે અનેક તર્કવિતર્ક સર્જાયા છે. અત્રે જણાવવાનુ કે હાલમાં જ ખેડુત આંદોલન મુદ્દે યોજાયેલી એક બેઠકમાં તેમણે મંત્રીઓ માટે અશોભનીય શબ્દો અને કલેકટરને પણ ચીમકી આપી હતી. જે સ્ટોન ક્રશર પર દરોડા પાડયા તેમાં રાકેશ અમૃતીયા ભાગીદાર છે. તેઓ શરૂઆત થી જ જેતપર ગામે ચાલતા ખેડુત આંદોલન સાથે જોડાયેલા છે. ૧૯ દિવસ સુધી આમરણાંત ઉપવાસ પર પણ ઉતર્યા હતા. તેમણે હાલમાં જ જિલ્લા ખેડુત આગેવાનોની હાજરીમાં આભારવિધિ વખતે રાજયના મંત્રીઓ વિશે ઉગ્ર ભાષામાં શબ્દો ઉચ્ચાર્યા હતા. એટલુ જ નહી તેમણે મોરબી જિલ્લાના પૂર્વ કલેકટર વિરૂધ્ધ પણ અશોભનીય શબ્દો ઉચ્ચાર્યા હતા. રાકેશ અમૃતીયાએ તેમને મોરબી લાવીને ખેતરોમાં નાંખવામાં આવતા ખાનગી કંપનીના વીજ પોલ સાથે તેમને બાંધી દેવાની ચીમકી ઉચ્ચારી હતી.

# જામનગરઃ કાલાવડ તાલુકાના મોટાવડાળા ગામે જાહેરમાં ચાલતા જુગાર પર દરોડો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના કાલાવડ તાલુકાના મોટાવડાળા ગામમાં જાહેરમાં ચાલતા જુગાર પર કાલાવડ ગ્રામ્ય પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને ઝડપી પાડ્યા છે. કાર્યવાહી દરમિયાન રોકડ રકમ અને જુગાર રમવા માટે વપરાતી સામગ્રી કબજે કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ, બાતમીના આધારે નિકાવા વિસ્તારની પોલીસ ટીમે મોટાવડાળા ગામમાં એક સ્થળે દરોડો પાડ્યો હતો. ત્યાં કેટલાક લોકો જાહેરમાં પત્તાની રમત પર રૂપિયા લગાવી હારજીતનો જુગાર રમતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

# અંબાલાલ પટેલના એક નિર્ણયથી ગુજરાતભરમાં ખળભળાટઃ વિજ્ઞાન જાથા સામે ખેડુતોનો આક્રોશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના સુપ્રસિધ્ધ અને ખેડુતોના પરમ મિત્ર ગણાતા હવામાન આગાહીકાર અંબાલાલ પટેલે અચાનક જ એક વિડીયો સંદેશ જાહેર કરીને હવે પછી કયારેય આગાહી નહી કરવાનો મોટો નિર્ણય લેતા જ સમગ્ર રાજયના ખેડુત આલમમાં ભારે મુંઝવણ અને ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે.




બનાસકાંઠા, ગીર સોમનાથ અને અમરેલી સહિતના વિવિધ જિલ્લાના ખેડુતો તરફથી આ અંગે ઉગ્ર પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. ગીર સોમનાથના ખેડુતોનો સીધો આક્ષેપ છે કે વિજ્ઞાન જાથાના જયંત પંડયા દ્વારા આપવામાં આવેલી ચીમકીઓ અને ત્રાસ થી કંટાળીને અંબાલાલ કાકાએ આ આકરો નિર્ણય લીધો છે. જેને પગલે ખેડુતોમાં વિજ્ઞાન જાથા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. જગતના તાત ની એક જ માંગ છે કે અંબાલાલ કાકાએ કોઈપણ દબાણમાં આવ્યા વગર ખેડુતોના હિતમાં પોતાની આગાહીઓ ચાલુ રાખવી જ જોઈએ, ખેડુતોનુ કહેવુ છે કે પ્રકૃતિના તત્વો પર કોઈ સચોટ દાવો ન કરી શકે, પરંતુ અંબાલાલ કાકાના વરસોના અનુભવ, પવનની દિશા, ગ્રહોની હલચલ અને તારાઓની ગતિવિધિઓના ગણિત પર આધારીત અનુમાનો ૭૦ ટકા થી ૮૦ ટકા અને ચોમાસા દરમિયાન તો ૯૯ ટકા સુધી સાચા સાબિત થતા આવ્યા છે. વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭ માં આવેલા વિનાશક પૂર વખતે પણ તેમની આગાહીઓ અક્ષરશઃ સાચી પડી હતી. શિયાળા અને ઉનાળામાં થતા કવખતના માવઠાની અગાઉથી જાણ થવાના કારણે ખેડુતો પોતાના ખેતરમાં પડેલી કૃષિ પેદાશો અને જણસોની યોગ્ય વ્યવસ્થા કરીને કરોડો રૂપીયાનુ નુકશાન થતુ બચાવી શકતા હતા. અમરેલી અને ગીર સોમનાથના ખેડુતોએ આકરા શબ્દોમાં જણાવ્યુ છે કે વિજ્ઞાન જાથા કોઈ સરકારી સંસ્થા નથી કે જે કોઈની ભુલો કાઢતી ફરે, જાથાવાળા માત્ર સસ્તા પ્રચાર અને પોતાના નામ માટે આવા પ્રોપેગેંન્ડા ઉભા કરીને અંબાલાલ કાકા પર દબાણ લાવી રહ્યા છે. જે અત્યંત દુઃખદ બાબત છે. ખેડુતોએ સવાલ ઉઠાવ્યો છે કે જયંત પંડયાને શું ખબર હોય કે ખેતી કેવી રીતે થાય ? જો વિજ્ઞાન જાથા ને સમાજ સેવાનો એટલો જ ઉભરો આવતો હોય તો સૌરાષ્ટ્રના કેટલાય ગામડાઓમાં ચાલતા દંભ, ભુવા પ્રથા અને પશુ બલી જેવા કુરીવાજો કેમ બંધ નથી કરાવતા ?

ગુજરાતના ખેડુતોએ એક સુરે અંબાલાલ કાકાને હિંમત આપતા કહ્યુ છે કે આવા ક્ષણિક દબાણોની ચિંતા કર્યા વગર તેઓ પોતાની આગાહીઓ ચાલુ રાખે, વિજ્ઞાન જાથાએ પોતાની મર્યાદામાં રહેવુ જોઈએ અને આગાહીકારને પોતાના નિશાન બનાવવાનુ બંધ કરવુ જોઈએ. કારણ કે અંબાલાલ પટેલની આગાહીઓ માત્ર આંકડા નથી પણ ખેડુતો માટે તેમનો પાક બચાવવાની જીવાદોરી છે.